# પેલી ચંદનબાળાને બારણે...
# સુલસા જેવી શ્રાવિકાને...

## આત્મકથા

'મ.સા. ! અંદર અવાશે ?' રૂમના બારણે આવી ચૂકેલા પતિ-પત્નીમાંથી શ્રાવિકાએ અંદર પ્રવેશ કરવા માટે સાધુ પાસે સંમતિ માંગી.

વિ.સં. ૨૦૭૨-૭૩ના ચાતુર્માસનો એ સમય ! દક્ષિણ ભારતની વિરાટ નગરી અમરપુરીનો એ સંઘ ! ધર્મના ઉત્સાહથી ધમધમતા એ શહેર-સંઘમાં મુનિરાજ ચાતુર્માસ બિરાજમાન હતા.

મુનિરાજ ગુણરાગી વિજયજીએ અવાજ સાંભળતા જ સહેજ ઉપર જોયું. ૩૨-૩૫ વર્ષ આસપાસની ભરયુવાનીવાળા અને નવા જમાનાના રંગે ઘડાયેલા લાગતા પતિ-પત્નીને જોઈને સહેજ આશ્ચર્ય અનુભવ્યું. 'સાંજના ચારેક વાગ્યાના સમયે, ચાલુ દિવસે પતિને લઈને આ શ્રાવિકાબહેન કેમ આવ્યા હશે ?' મનમાં પ્રશ્ન થયો અને જીભ પર જવાબ હતો 'અવાશે...'

વિધિસર વંદન કર્યા બાદ બંને બેઠા, અને શ્રાવિકાએ બોલવાનો પ્રારંભ કર્યો. બંનેના વ્યવહાર ઉપરથી એમ લાગતું હતું કે શ્રાવિકા ધર્મ પામેલા હતા. ઉપાશ્રયનો, સાધુ સાથેનો બધો વ્યવહાર જાણતા હતા. જ્યારે શ્રાવક નવા નવા હતા. એ ધર્મના રંગે રંગાયેલા પણ ન હતા, કે વ્યવહાર જાણતા પણ ન હતા. માટે શ્રાવિકા જેમ કહે, એમ કરતા હતા. માટે જ વાતચીત કરવાનો પ્રારંભ પણ શ્રાવિકાએ જ કર્યો.

'મ.સા. ! પ્રાયશ્ચિત્ત લેવા આવ્યા છીએ...' નમ્રસ્વરે અને કંઈક દર્દ સાથે શ્રાવિકા બોલ્યા. એમના શબ્દોમાં પશ્ચાત્તાપનો રણકાર સંભળાતો હતો.

'બોલો, શેનું પ્રાયશ્ચિત્ત લેવું છે ?' ગુણરાગીવિજયે પૂછ્યું.

'થોડા દિવસ પહેલા રાત્રે બાઈક ઉપર અમે ઘરે જતા હતા, ત્યારે રસ્તામાં એક નાનકડું કુતરાનું બચ્ચું બાઈક નીચે આવી ગયું. બિચારું મરી ગયું...'

બોલતા બોલતા બહેનનો અવાજ ભીનો થયો. આંખો ભીની થઈ. એનાથી ખ્યાલ આવી જ જતો હતો કે હૃદય પણ ભીનું થયું જ છે.

સાધુએ એક મિનિટ મૌન ધારણ કર્યું.

'શું નામ તમારું ? બહેન !'

'સુલસા...'

'સુલસા ? આ તો જૂનું નામ છે. પ્રભુવીરની ઉત્તમ શ્રાવિકાનું નામ છે.

તમે તો નવા જમાનાના છો ? આવું નામ કોણે પાડ્યું ? અને તમને ગમે છે ?' મ.સા.એ. પૂછ્યું.

'મને તો આ નામ ખૂબ જ ગમે છે. કારણ કે સુલસા શ્રાવિકા કેવી હતી ? એને પ્રભુ પ્રત્યે કેવો અવિહડ રાગ હતો, એની શાસનશ્રદ્ધા કેવી હતી... એનો મને ખ્યાલ છે. અને અમારો પરિવાર પણ ધાર્મિક છે, એટલે એમણે મારું નામ સુલસા રાખેલું છે.'

'અને આપના શ્રાવકનું નામ ?' નામ જાણવાની જરૂર ન હોવા છતાં મુનિએ વારાફરતી બંનેના નામ પુછી લીધા.

**'સરળ...'** સુલસાએ જવાબ દીધો.

**'સરળ ?'** આશ્ચર્ય સાથે મુનિએ આવું વિચિત્ર નામ દોહરાવ્યું.

'હા ! સાહેબજી... અને એ ખરેખર પોતાના નામ પ્રમાણે જ **સરળ** છે.'

આટલી ઔપચારિક વાતો થઈ. મુનિએ ઉચિત પ્રાયશ્ચિત્ત આપ્યું, એ પછી વાત વાતમાં ખ્યાલ આવ્યો કે

(૧) એ બહેન ઉત્તમ ગાયિકા પણ છે.

(૨) અમરપુરી ખાતે એ.આર. રહેમાનના સગા બહેનના હાથે એમને ગીત ગાવામાં બીજા નંબરનો એવોર્ડ મળેલો.

(૩) એમની પ્રેરણાથી જ સુલસાએ એ.આર.રહેમાનને શહેનાઈ શીખવાડનારના દીકરા શ્રીકૃષ્ણ બાલેશ પાસે સંગીત શીખ્યું છે.

'અવસરે તમારા સંગીતનો લાભ અમે લેશું...' એ વાત પૂરી થઈ અને શ્રાવક-શ્રાવિકાએ વિદાય લીધી.

એ વખતે એ મુનિને કે એ પરિવારને ક્યાં ખબર હતી કે આ માત્ર આલોચના માટે થયેલી મુલાકાત ભવિષ્યમાં તો એક આશ્ચર્યજનક ઘટના રૂપે પરિણમવાની છે. કદાચ કોઈ જ ન સ્વીકારે એવો એક અજબગજબનો પ્રસંગ નિયતિએ નક્કી કરી રાખેલો છે.

– x – x –

'અરે, બહેન ! તમે અહીં ક્યાંથી ?' કંચનગિરિ સોસાયટીના દેરાસર બહાર જ ગુણરાગી વિજયને અચાનક એ શ્રાવિકાબહેનનો ભેટો થઈ ગયો.

'મત્થએણ વંદામિ, મ.સા. ! અમે આ સોસાયટીમાં જ રહીએ છીએ. પણ આપ અહીં ક્યાંથી ?'

ચાતુર્માસ પૂર્ણ થયા બાદનો આ એક દિવસ હતો.

'અમારું આવતું ચાતુર્માસ અહીં થવાની વાત ચાલે છે. એટલે એક વાર જગ્યા જોવા આવ્યો છું. દેરાસર-ઉપાશ્રય-શ્રાવકોના ઘરો-સંયમચર્યાની

વ્યવસ્થા... આટલું મળી જાય, એટલે બસ...

'સાહેબજી ! આપનું ચોમાસું અહીં થાય, તો તો અમને બધાને ખૂબ જ આનંદ થશે. બાકી આવા નાના સંઘમાં તો આપના જેવાનું ચોમાસું હોય જ ક્યાંથી ?'

આમ ઔપચારિક વાતો થઈ. અને મુનિરાજે દર્શન કરવા મંદિરમાં પ્રવેશ કર્યો.

ભગવાન-ભવિતવ્યતા જેમ નચાવે, એમ નાચનારા છદ્મસ્થ સંસારી જીવોને શું ખબર ? કે 'નિયતિ દરેક કામ પોતાના પ્લાન પ્રમાણે જ કરી રહી છે. આપણે તો એની સૂચના પ્રમાણે નાના-મોટા રોલ ભજવવાના છે. જ્યારે છેલ્લે રહસ્ય ખુલ્લું થશે, ત્યારે ખબર પડશે કે નિયતિના મનમાં કયો પ્લાન હતો ? અને એ માટે એણે આપણને કઈ કઈ રીતે જોડ્યા ?'

– X – X –

સુલસાબહેન ! શું વાત છે ? તમે 'આદિનાથને વંદન અમારા...' C.D. માં એકપણ ગીત ન ગાયું... એ શ્રાવકો તો જ્યારે મારી સલાહ લેવા આવેલા, ત્યારે મેં તમારું નામ આપેલું કે આ બહેન ખૂબ જ સરસ ગાય છે, અને શાસ્ત્રીયરાગમાં ગાય છે. પ્રાચીન સ્તવનો માટે એમનો રાગ ઘણો જ કામ આવશે.'

ગુણરાગીવિજયજીએ એક દિવસ સુલસાબહેનને બોલાવીને ઉપર મુજબ વાત કરી.

'આપના સૂચનથી એ શ્રાવકોએ મારો સંપર્ક કરેલો. તેઓનો ઉત્સાહ પણ ઘણો જ હતો. એમણે અનેકવાર મને આગ્રહપૂર્વક જણાવેલું પણ ખરું કે 'તમને જે પસંદ પડે, એ ગીતો-સ્તવનો લેજો...' પણ મ.સા. ! મારી તબિયત બહુ જ ખરાબ હતી અને હજી પણ એ જ હાલત છે. પુષ્કળ કફ થઈ ગયેલો છે. એટલે મારા માટે બરાબર ગાવું શક્ય જ નથી. એટલે, સાહેબજી ! આપની પાસે પણ ક્ષમા માંગું છું.' સુલસાબહેને જવાબ આપ્યો, અને એમની પરિસ્થિતિ જોઈને મુનિએ પણ વિશેષ કંઈ ન કહ્યું.

'સાહેબજી !' સુલસાબહેન બોલ્યા. એમને એમ લાગ્યું હશે કે મ.સા. નારાજ થયા છે, એટલે જાણે કે ખુશ કરવા બોલ્યા... 'જ્યારે આપ કંચનગિરિ સોસાયટીમાં ચાતુર્માસ પધારશો ને, ત્યારે રોજેરોજ વ્યાખ્યાનમાં ગહુંલી રૂપે એકાદ ગીત લેવાની ભાવના છે, અને એ માટે મહેનત પણ ચાલુ કરી દીધી છે...'

આ ત્રીજી મુલાકાત પૂરી થઈ અને સુલસાબહેને વિદાય લીધી.

– X – X –

ચાતુર્માસનો પ્રવેશ થઈ ગયો, દિવસો પર દિવસો વીતતા ગયા, રવિવારની શિબિરોમાં સુલસાબહેનના સ્વરનો શ્રીસંઘને લાભ મળતો રહ્યો, પજુસણ પણ આવી ગયા... સંવત્સરીપર્વ પસાર થઈ ગયું, એ પછી પણ બે દિવસ વીતી ગયા...

અને બપોરના સમયે સુલસાબહેન મળવા માટે આવ્યા, પણ એ વખતે ગુણરાગી વિ. કંઈક અન્ય કામમાં હોવાથી એ થોડીવાર રાહ જોઈને જતા રહ્યા. થોડીવારે મુનિવર Free થયા, ત્યારે એમને ખ્યાલ આવ્યો કે સુલસાબહેન કોઈક કામસર આવેલા, પણ મળ્યા વિના જ જતા રહ્યા છે...

મુનિવરે કોઈકને એમના ઘરે મોકલ્યા, સમાચાર કહેવડાવ્યા કે 'તમારે કંઈપણ કામ હોય, તો આવી શકશો...'

કંચનગિરિ એક સોસાયટી હોવાથી અને એમાં જ ૩૫૦ જૈનોના ફ્લેટ હોવાથી, બધા નજીક જ હોવાથી સુલસાબહેન પાંચેક મિનિટમાં તો પાછા આવી ગયા.

'બોલો, બહેન ! શું કામ હતું ?'

'સાહેબજી ! છેલ્લા પાંચેક દિવસથી અનેકવાર આપને મળવાનો પ્રયત્ન કર્યો, પણ જ્યારે જ્યારે આવી, ત્યારે ત્યારે આપ પાઠમાં કે અન્ય કોઈ કામમાં Busy જ હતા... એટલે દુઃખી મને પાછી વળી.'

આજે પણ એ માટે જ આવેલી, પણ આપ Busy હતા, એટલે ઘરે પાછા જવું પડ્યું. મનમાં દુઃખ પણ થયું કે 'પ્રભુ ! મારે સાહેબજીને મળવું છે, તું મને આટલી પણ અનુકૂળતા ન કરી આપે ?'

આજે તો ઘરે ગઈ, ત્યારે આંખમાં આંસુ પણ આવી ગયા. પણ અચાનક સમાચાર મળ્યા કે 'આપે મને બોલાવી છે.' એટલે ખૂબ ખુશી થઈ. પ્રભુને કરેલી પ્રાર્થના તરત જ ફળી ગઈ...' સુલસાબહેનના પ્રત્યેક શબ્દોમાં આનંદનો રણકાર સંભળાઈ રહ્યો હતો.

'એવું તે શું છે ? કે પાંચ-પાંચ દિવસથી તમે મને મળવાની મહેનત કરી રહ્યા છો ? અને એવું હતું તો મને કહી દેવું હતું ને, તમને સમય કાઢી જ આપત... હું કંઈ સર્વજ્ઞ તો નથી કે મને તમારી ઈચ્છાનો ખ્યાલ આવી જાય...' ગુણરાગી વિ.એ કહ્યું.

'સાહેબજી ! સાડા નવ વર્ષ સુધી મેં રાહ જોઈ જ છે. એટલે જ મેં મારી જાતને સમજાવી કે સુલસા ! આટલા વર્ષ સુધી રાહ જોઈ જ છે, તો હવે થોડી વધારે રાહ જોઈ લે...' સુલસાબહેન બોલ્યા.

'સાડા નવ વર્ષ રાહ જોઈ ? પણ શેની ? મને કંઈ સમજ નથી પડતી. તમે

જરાક સ્પષ્ટ કરીને સમજાવશો ?' મુનિવરે ઉત્કંઠા દર્શાવી.

'સાહેબજી ! આજથી સાડા નવ વર્ષ પહેલા મેં એક અભિગ્રહ લીધેલો. જે રીતે ભગવાન મહાવીરે અભિગ્રહ લીધેલો ને કે અનાથ, હાથ-પગમાં બેડીવાળી, ત્રણ દિવસના ઉપવાસવાળી, મસ્તકે મુંડનવાળી, ચાર રસ્તે વેંચાઈને ગુલામ બનેલી બાલિકા રડતી આંખે સુપડાના ખૂણામાં રહેલા અડદના બાકુળા એક પગ અંદર અને એક પગ બહાર રાખીને મને વહોરાવે, તો મારે પારણું કરવું. એ જ રીતે મેં પણ એક અભિગ્રહ લીધેલો. જો કે મારો અભિગ્રહ કંઈ ખાવા-પીવા સંબંધી ન હતો, પરંતુ અલગ જ પ્રકારનો હતો.

મ.સા. ! લગ્ન પહેલા એ અભિગ્રહ લીધેલો. મને ત્યારે લાગતું જ હતું કે મારો આ અભિગ્રહ કદાચ આખી જીંદગીમાં ક્યારેય પૂરો નહિ થાય. કેમકે મેં ઘણો જ વિચિત્ર અભિગ્રહ લીધેલો હતો. છતાં શરૂઆતમાં તો ઉંડે ઉંડે એક આશા હતી કે એ અભિગ્રહ પૂરો થશે... અને ક્યારેક ક્યારેક વીસેક ટકા જેટલી શક્યતા પણ ઉભી થયેલી. પરંતુ એ અભિગ્રહ પૂરો ન જ થયો.

અભિગ્રહ લીધા બાદ લગભગ બે વર્ષ વીતી ગયા, મારા લગ્ન પણ થઈ ગયા, લગ્નના પણ પાંચ ઉપરાંત વર્ષો પસાર થઈ ગયા. હું લગભગ હતાશ થઈ ગયેલી કે હવે તો આ અભિગ્રહ પૂરો થવો શક્ય જ નથી.'

સુલસાબહેન એકધાર્યું બોલ્યે જ જતા હતા. લગભગ બહુ ઓછું બોલનારા એ બહેનના મુખે આજે આ અસ્ખલિતધારાએ કંઈક વિચિત્ર, કંઈક આશ્ચર્યકારક વાતો સાંભળીને મુનિવર પણ એકધ્યાન બની ગયા. સાંભળતા જ રહ્યા...

'મ.સા. ! એ અભિગ્રહ આ પર્યુષણમાં જન્મવાંચનના દિવસે એટલે કે પાંચમા દિવસે પૂરો થઈ ગયો છે.' આટલું બોલતાં બોલતાં તો સુલસાબહેનની આંખોમાંથી આનંદના આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. ભગવાન મહાવીરનો ધર્મલાભનો સંદેશો સાંભળીને ૨૫૦૦ વર્ષ પહેલાની સુલસા શ્રાવિકાને કેવો આનંદ થયો હશે ? એની કંઈક નાનકડી ઝાંખી આ સુલસાબહેનમાં જોવા મળી.

'બહેન ! જે અભિગ્રહ પૂરો થતાં સાડા નવ વર્ષ લાગ્યા, એ શું છે ? એ જ મારે તો હવે જાણવું છે.' મુનિવર પણ ગદ્ગદ્ બની ગયા.

'સાહેબજી ! ક્ષમા માંગું છું, પણ એ વાત આપને અત્યારે નહિ કરું ?'

'કેમ ? આ તો તમે રહસ્યમય રીતે વાતો કરો છો. અડધું કહો છો, અડધું નથી કહેતા. જો અભિગ્રહ જ જણાવવો ન હતો, તો પછી અભિગ્રહ પૂરો થયાની વાત શું કામ કહી ? અને જો એ વાત કરી જ છે, તો પછી અભિગ્રહ શું હતો ? અને એ કેવી રીતે પૂરો થયો... એ પણ કહેવું જ જોઈએ ને ?' મુનિવરે ભારપૂર્વક આગ્રહ કર્યો.

'મ.સા. ! આપશ્રીને એ વાત ચોક્કસ જણાવીશ. પરંતુ આજે નહિ, ચૌદમી સપ્ટેમ્બરના દિવસે જ જણાવીશ...'

'ચૌદમી સપ્ટેમ્બર ? પણ આજે તો ૨૯ ઓગસ્ટ છે, એટલે કે પંદરેક દિવસ બાદ ? તો મારે આટલા દિવસ રાહ જોવાની ? તો પછી આ અભિગ્રહ પૂરો થયાની વાત પણ ત્યારે જ કરવી હતી ને ?'

'સાહેબજી ! મારા મનની પ્રસન્નતા મારે આપની સાથે Share કરવી હતી, એટલે આટલી વાત કરી દીધી. પરંતુ અભિગ્રહ અંગેની વિસ્તૃત બાબતો તો ૧૪ મી સપ્ટેમ્બરે જ કહીશ. Please ! સાહેબજી ! આપ આગ્રહ ન રાખશો. કારણ કે એ દિવસ મારો જન્મદિવસ છે, Birthday છે.' સુલસાબહેને કહ્યું અને મુનિએ પણ એ વાતનો સ્વીકાર કર્યો.

'સારું, હવે હું ચૌદમી સપ્ટેમ્બરની રાહ જોઈશ. જે અભિગ્રહ પૂરો થતા નવ-નવ વર્ષ લાગ્યા, એ અભિગ્રહ શું હશે ? એ જાણવાની ઈચ્છા તો મને જ નહિ, પરંતુ જે સાંભળે, એ બધાને જ થાય...' મુનિવરે અંતિમ જવાબ વાળ્યો અને વંદન કરીને સુલસાબહેને વિદાય લીધી.

અને રહસ્ય ખુલ્લુ થવામાં વળી પંદરેક દિવસનો વિલંબ નિયતિએ જ ગોઠવી દીધો.

– x – x –

ગુણરાગી વિજયજી દિવસો ગણતા હતા, મનની ઉત્કંઠાને એ દબાવી ન શક્યા, કારણ કે આ ઘણી જ સારી વસ્તુ એમને જાણવા મળવાની હતી ને ? પ્રભુવીરનો ચંદનબાળાના પારણા સંબંધી ઘોરાતિઘોર અભિગ્રહ સાંભળેલો તો હતો, પ્રત્યક્ષ રીતે આવું કંઈ જોયું ન હતું. એ આજે જોવા મળવાનું હતું.

જો કે આજે પણ નાના-મોટા અભિગ્રહો શ્રાવક-શ્રાવિકાઓના જીવનમાં જોવા મળે જ છે, અને એ પૂરા પણ થાય છે. પણ એ પ્રાયઃ પાંચ-છ મહિનામાં જ પૂરા થઈ જતા હોય છે. જ્યારે આ અભિગ્રહનો પૂરો થવાનો સમય તો ઘણો જ લાંબો નીકળી ચૂક્યો હતો...

૧૪મી સપ્ટેમ્બરનો સૂર્યોદય થયો, મુનિવરને ઉત્કંઠા ચોક્કસ હતી, પણ એના માટે તેઓ અનુચિત પ્રવૃત્તિ કરવા માંગતા ન હતા. પોતાના સવારના પાઠો, પ્રવચન, પાછો પાઠ, ગોચરી, પાછો પાઠ... આ બધા જ ઉચિત કર્તવ્યો પૂરા થઈ ગયા બાદ એમણે સુલસાબહેનને સમાચાર મોકલાવ્યા કે '૧૪મી સપ્ટેમ્બરના દિવસે મને અભિગ્રહ જણાવવાનો હતો, એ દિવસ આજે આવી ગયો છે. અનુકૂળતા હોય, તો તમે આવી શકશો ?'

દસેક જ મિનિટમાં સુલસાબહેન આવી ગયા.

'મ.સા. ! આજે શ્રાવક પણ સાથે જ આવવાના હતા, પણ હમણાં જ એમનો ફોન આવ્યો કે 'અરજન્ટ કામ આવી ગયું છે' એટલે તેઓ નહિ આવી શકે. મારે જ આપને બધી વાત જણાવવાની છે.'

મુનિવર મૌન જ રહ્યા, અને બહેને એક આશ્ચર્યજનક ઘટના ઉપરનો પડદો દૂર કરવાનો પ્રારંભ કર્યો.

'ગુરુદેવ ! મારા જીવનમાં જે પ્રસંગ બન્યો છે. એ આઠમી અજાયબી જેવો જ મને તો લાગે છે. મેં કલ્પના પણ કરી ન હતી, કે આવું પણ બનશે.

હું નાની હતી, ત્યારે પાઠશાળામાં ઉર્વશીબહેન પાસે ભણતી, એમણે મને ઉત્તમકોટિના સંસ્કાર આપેલા, સૂત્રજ્ઞાનની સાથે-સાથે મારા મનનું-જીવનનું પણ ઘડતર કરેલું. એ મારી બીજી માતા હતા, એમ હું માનું છું. હું એમને મારું સર્વસ્વ માનતી હતી અને માનું છું.

**પૂ.આ.ભ. સુંદરસૂરિજી**ના પ્રવચનોથી મને સુદેવની, સુગુરૂની અને સુધર્મની સાચી સમજ મળી હતી. એમાંથી સુદેવ અને સુધર્મ તો મને મળી જ ગયા, પણ મારા જીવનમાં મારા સુગુરુ તરીકે કોણ ? એનો મેં નિર્ણય કર્યો ન હતો. જો કે જિનશાસનમાં તો હજારો સુગુરૂ છે જ, પરંતુ મારે એમાંથી કોઈ એકને નક્કી કરવાના હતા, જેને હું મારા પોતાના ગુરુ તરીકે માનું. બાકી બધા જ વંદનીય તો છે જ, સુગુરુ પણ છે જ...

મને ધીરે ધીરે દીક્ષા લેવાની ભાવના થઈ. એનું મુખ્ય કારણ એ બન્યું કે પૂ.આ.ભ.ના પ્રવચનમાં મેં એ વાત સાંભળી કે એક વખતના સંસાર-સુખના સેવનમાં નવલાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યોની હત્યા થાય છે, અને અગણિત બેઈન્દ્રિયજીવો મરે છે...'

શાસ્ત્રપાઠો સાથેના એ શબ્દો સાંભળીને હું હચમચી ગઈ. મને એક જ વિચાર આવ્યો કે 'લાખો-કરોડો જીવોના મોતની કબર ઉપર જે સંસારસુખ મળતું હોય, એ સંસારસુખ મારે ન ખપે. હું એવી ક્રૂર, ઘાતકી કેવી રીતે બની શકું ? મારા એકના સુખ ખાતર લાખોની કતલ શી રીતે કરી શકું ? એના કરતા તો પ્રભુએ બતાવેલો સુંદર મઝાનો પવિત્રતાથી ભરેલો શ્રમણીધર્મનો સ્વીકાર કેમ ન કરું ?'

અને મેં નિર્ણય કરી લીધેલો કે 'મારે દીક્ષા લેવી.'

પરંતુ મારા ભાગ્યમાં આ મહાન માર્ગ ન હતો.

સુદેવ અને સુધર્મ તો મળી ગયા, પરંતુ સુગુરૂ નક્કી કરવાના બાકી હતા ને, એ પણ બે સ્વરૂપે... એક સાધુ અને એક સાધ્વી...

દીક્ષા માટે હું અનેક સાધ્વીઓના પરિચયમાં આવી, અને ઘણા બધા સારા

સારા સાધ્વીઓ પણ મળ્યા, પરંતુ મારા ભાઈને મારા ઉપર અતિશય સ્નેહ ! એ જ રીતે મમ્મીને પણ...

હું જે સાધ્વીવૃંદમાં જતી, ત્યાં જઈને તેઓ એવી એવી વાતો કરી આવતા કે તેઓ ગભરાઈ જતા. મને દીક્ષા આપવા તૈયાર ન થતા, અને મારી મહેનત પાણીમાં જતી.

મમ્મી અને ભાઈનો દોષ એ કે એમને મારા પ્રત્યે અતિશય રાગ હતો. અને મારો દોષ એ કે પૂર્વભવમાં મેં કોઈને દીક્ષાના માર્ગે જતા અટકાવ્યા હશે.

ત્રણેક વર્ષ સુધી મેં બેહદ મહેનત કરી, પણ છેવટે હું હારી.

બીજી બાજુ મારા લગ્નની વાતો ચાલુ થઈ, **સરળ**ને પણ મારા ઉપર વિશેષ રાગ થયો, એનો પણ આગ્રહ વધ્યો અને છેવટે ઘણી બધી વિચિત્ર પરિસ્થિતિઓ વચ્ચે મેં લગ્ન કર્યા. મારા શ્રાવક ઉત્તમોત્તમ સ્વભાવવાળા છે, પરંતુ ગુરુદેવ ! સંસાર તો સંસાર જ છે ને ! દુઃખમય કરતા પણ સુખમય સંસાર મારા માટે તો વધુ ભયંકર છે ને !

મિચ્છા મિ દુક્કડં ! ગુરુદેવ ! મારી વાત જરા આડા રસ્તે ફંટાઈ ગઈ. હું મૂળ વાત પર આવું.

લગ્ન થયાને છ વર્ષ થયા, પણ સાડા નવ વર્ષપહેલા કેટલાક કારણોસર મેં અભિગ્રહ લીધેલો. મારે સુગુરુ જોઈતા હતા, મારે એની તલપ હતી. તરસ્યો માણસ પાણી ચાહે, ભૂખ્યો માણસ ભોજન ચાહે, એમ મારે ખરેખર સુગુરુ મેળવવા હતા, પણ એમ ને એમ હું કોઈને મારા જીવનમાં સુગુરુપદે સ્થાપન કરવા તૈયાર ન હતી.

છેવટે મેં એક અભિગ્રહ લીધો.

ગુરુદેવ ! આપને અત્યંત વિચિત્ર લાગશે, એવો અભિગ્રહ મેં લીધેલો.

જે મુનિ-ગણિ-પંન્યાસ-આચાર્ય ભ. દ્વારા સાત બાબતો પૂરી થશે, તેમને હું મારા સુગુરુ પદે સ્થાપિત કરીશ.

એ સાત બાબતો આ પ્રમાણે હતી.

(૧) એ મહાત્માના હાથની હથેળી અને આંગળીઓ તથા પગની આંગળીઓ Pink = ગુલાબી રંગની હોવી જોઈએ. આંગળીઓ લાંબી હોવી જોઈએ.

(૨) એ મહાત્મા કોઈ વિશેષ કારણ વિના મારા ઘરે પગલા કરે, એટલે કે ગોચરી, પાણી વહોરવા નહિ, મારી વિનંતિથી નહિ, મારા પરિવારની વિનંતિથી પણ નહિ. મારી કોઈ તપશ્ચર્યાદિના પારણાના નિમિત્તે પણ નહિ. પણ બીજા જ કોઈક કારણોસર મારા ઘરે પગલા કરે, પધારે.

(૩) એ મહાત્મા મારી પવિત્રતાને અનુભવે, સમજે... એ પણ મારા કહેવાથી નહિ... પણ આપમેળે જ...! ગુરુદેવ ! બ્રહ્મચર્યની પવિત્રતા મને અત્યંત પ્રિય છે. પરિસ્થિતિવશ મારે લગ્ન કરવા પડ્યા છે, પણ મને ત્યારે કે આજે પણ સંસાર સુખમાં તસુભાર પણ રસ નથી. લગ્ન પહેલા અને પછી પણ મેં શ્રાવકને આ અંગે ખૂબ જ શાંતિથી સમજાવેલા, અને એમની પણ મહાનતા છે કે મારા ઉપર એમને વધુ રાગ હોવા છતાં પણ એમણે પણ મને ખૂબ જ સહાય કરી છે.

ગુરુદેવ ! અત્યારે તો સંસારમાં છું, પતિ પ્રત્યેની મારી જવાબદારી છે, એમની પ્રસન્નતા જાળવવાની છે. એમણે કરેલી સહાયની હું કોઈપણ ભોગે કિંમત ચૂકવી શકું એમ નથી. પણ હું રોજ ભગવાન પાસે એક જ પ્રાર્થના કરું છું કે

'પ્રભુ ! સંસારના સુખોનો (અબ્રહ્મનો) આ મારો અંતિમભવ જ હોવો જોઈએ. મોક્ષની પ્રાપ્તિ માટે મારા કેટલા ભવો બાકી છે, એ તો મને ખબર નથી. પણ ભગવાન ! મારી આટલી પ્રાર્થના તો ચોક્કસ સ્વીકારજે કે હવે પછીના કોઈપણ ભવોમાં મને આ પાપાત્મક સુખ ન જ આપતો.

પ્રભુ ! તું મને દેવનો ભવ ન આપીશ. મને મનુષ્યના ભવમાં પણ આ સુખ ન જ આપીશ, મને પશુના ભવમાં મોકલે, તો ય ચાલશે, પરંતુ આ પાપ વિનાની પશુઓની દુનિયા મને આપજે... તું મને ચઉરિન્દ્રિય સુધીના જ ભવો આપજે. કે જેમાં આ પાપ નથી.

મને પશુઓની દુનિયાના કે નારકની દુનિયાના દુઃખો મંજુર છે. પણ દેવ-મનુષ્યાદિના ભવોમાં આ અબ્રહ્મના પાપ મંજુર નથી.

ગુરુદેવ ! તદ્દન સત્ય વાત કરું છું. હું નારક-પશુની દુનિયાને બરાબર જાણું છું અને છતાં મારું મન આ જ પોકાર કરે છે.

ગુરુદેવ ! આપે થોડા દિવસ પહેલા વ્યાખ્યાનમાં એક પ્રસંગ કહેલો કે આપે આપના શિષ્યને દરેક મુમુક્ષુ બહેનોને સાંજે ચારથી પાંચ દરમ્યાન વાચના આપવા જણાવેલું અને એમણે પાંચ વાગવા ઉપર દસ મિનિટ થઈ છતાં વાચના ચાલુ જ રાખેલી. ત્યારે આપે એમને પાછળથી ઠપકો આપેલો કે 'તમને સમયનું ભાન નથી ? પાંચ વાગ્યા સુધી જ વાચના આપવાની હતી. પછી દસ મિનિટ કેમ વધારે લંબાવ્યું ?

ત્યારે એ શિષ્યે કહેલું કે 'મને સમયનો ખ્યાલ ન રહ્યો.'

ત્યારે આપે વધુ સખ્તાઈ સાથે ઠપકો આપેલો કે 'તમારી નજર સામે જ મોટી હાથી જેવી ઘડિયાળ હતી, તો એ ભાન ન હતું ? એમાં સમય દેખી શકતા

ન હતા ? મને ઠગવાની વાતો કરો છો ?'

ત્યારે એ શિષ્યે નમ્રતા સાથે જવાબ આપેલો કે 'ગુરુજી ! મુમુક્ષુ બહેનો સામે વાચના આપવાની હતી, એટલે મેં ચશ્મા પહેર્યા જ નહિ. ભૂલથી પણ ઉપર નજર જાય, તો કોઈનું રૂપ સ્પષ્ટ દેખાય જ નહિ.

આમ ચશ્મા વગર વાચના આપતો હતો, એટલે ઘડિયાળના કાંટા પણ દેખાતા ન હતા...'

શિષ્યના મુખે આ વાત સાંભળીને આપ દંગ રહી ગયા, અને આપે આ આખો પ્રસંગ જ્યારે વ્યાખ્યાનમાં કહ્યો, ત્યારે હું પણ ખૂબ-ખૂબ ખુશ થઈ ગઈ, આવી પવિત્રતા આ જમાનામાં ક્યાં મળે ?

હવે તો જ્યારે પણ આપના શિષ્ય દેરાસરમાં દર્શન કરવા આવે છે ને, ત્યારે બહાર એક જગ્યાએ કામળી મૂકીને પછી અંદર ચૈત્યવંદન કરવા જાય છે. એ વખતે જો મને ખબર પડે, તો એમને ખબર ન પડે, એ રીતે એમની કામળીને સ્પર્શ કરીને મસ્તકે-આંખે લગાડું છું.

ગુરુદેવ ! માટે જ પ્રભુનેમિનાથ, સ્થૂલભદ્રજી, વજસ્વામી, બપ્પભટ્ટીસૂરિજી, અભયદેવસૂરિજી... આ બધા મારા પ્રિયતમ પાત્રો છે. અને સીતા વગેરે અનેકાનેક મહાસતીઓ તો મારો પરમ પરમ આદર્શ છે. મારે વિજયાશેઠાણી બનવું છે, જે વિજયશેઠ = પતિ સાથે રહીને પણ આખી જીંદગી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે.

ગુરુદેવ ! મને પવિત્રતા ખૂબ, ખૂબ, ખૂબ જ ગમે છે.

મારા અભિગ્રહનો ત્રીજો ભાગ આ હતો કે 'એ મહાત્મા મારી આ **પવિત્રતાને**, મારા પવિત્રતાના પ્રેમને સમજે... સ્વયં સમજે...'

(૪) હું એ મહાત્માને મારી નોટમાં એમનો અભિપ્રાય કે સુવાક્ય લખવા આપું, ત્યારે એ મહાત્મા એ અભિપ્રાય-સુવાક્ય અને નીચે પોતાનું નામ લખતા પહેલા જ સૌ પ્રથમ મારા ઉપકારી એવા **પૂ. સુંદરસૂરિ મ.**નું નામ લખે. એટલે કે **પરનામલેખન** આ મારા અભિગ્રહનો ચોથો ભાગ હતો.

મુમુક્ષુઓ, ઘણા આરાધકો આવી નોટ બનાવતા જ હોય છે, અને જે જે નવા મહાત્મા મળે, એ બધાની હિતશિક્ષા એમાં એમના જ હાથે લખાવતા હોય છે, અને નીચે એમના હસ્તાક્ષરમાં એમનું નામ હોય છે.

પણ લખનાર કોઈપણ મહાત્મા એ વખતે બીજા કોઈનું નામ લખે, એ પ્રાયઃ સંભવિત જ નથી. એટલે મારી આ પ્રતિજ્ઞા વિચિત્ર જ હતી. મને પણ આ પ્રતિજ્ઞા માટે પાકી શંકા હતી જ કે આ તો પૂરી નહિ જ થાય. પણ મારી આ પ્રતિજ્ઞા પણ પૂરી થઈ ગઈ છે.

(૫) એ મહાત્માને મારા નિમિત્તે આલોચના કરવાની, પોતાના પાપો ગુરુસમક્ષ રજુ કરવાની **<u>પ્રેરણા</u>** મળે અને એ રીતે એ મહાત્મા પોતાના પાપોની શુદ્ધિ કરે. અને એમાં નિમિત્ત હું બનું.

સામાન્યથી એવું બનતું હોય છે કે મહાત્મા પ્રવચનાદિમાં પ્રેરણા કરે, અને એના દ્વારા ગૃહસ્થો આલોચના કરવા માટે તૈયાર થાય, અને એ રીતે દર વર્ષે હજારો ગૃહસ્થો આલોચના કરતા જ હોય છે.

મહાત્માઓ તો સ્વયં જ આલોચના કરતા હોય છે. કદાચ એમના ગુરુ કે વડીલના કહેવાથી આલોચના કરતા હોય છે, પરંતુ કોઈ સંસારીની પ્રેરણા પામીને, કોઈ મારા જેવીના નિમિત્તે મહાત્મા આલોચના કરવા તત્પર બને એ તો કેવું વિચિત્ર છે ને ? અશક્ય જ છે ને ? છતાં મેં આવો અભિગ્રહ લીધેલો.

(૬) એ મહાત્મા મારા પરમ ઉપકારી પાઠશાળાના શિક્ષિકા ઉર્વશીબહેનની તથા પૂ. સુંદરસૂરિજીની પ્રશંસા, જાહેરમાં ચતુર્વિધસંઘની હાજરીમાં કરે.

આ વસ્તુ આમ તો અઘરી નથી, પરંતુ એ મહાત્મા સહજ રીતે, પોતાની મેળે જ પ્રશંસા કરે, તો જ આ પ્રતિજ્ઞા પૂર્ણ ગણવાની હતી. મારા કહેવાથી એ પ્રશંસા કરે, તો ન ચાલે. ઉર્વશીબહેનનો જ કોઈ કાર્યક્રમ હોય અને એમાં એમની પ્રશંસા કરે, તો પણ ન ચાલે. આ બધા વિના જ એ પ્રશંસા થવી જોઈએ.

(૭) મારી જીંદગીમાં મેં કદિ ન અનુભવ્યો હોય, એવો આનંદ-એવી પ્રસન્નતા મને એ મહાત્માને જોઈને એકવાર થવી જોઈએ.

સંસારના પ્રસંગોમાં અને ધર્મના પ્રસંગોમાં પણ અનેકવાર પ્રસન્નતા અનુભવી છે, પણ એ બધા કરતા પણ ચડી જાય, એવી પ્રસન્નતા મને એ મહાત્માને જોઈને અનુભવાવી જોઈએ.

આ સાત બાબત જે મહાત્મા દ્વારા પૂરી થાય, એ જ મહાત્મા મારા ગુરુ !

સાડા નવ વર્ષમાં અમુક અમુક મહાત્માઓમાં એક, બે શરત પૂરી થઈ હતી, પણ સાતે સાત શરતો એકપણ મહાત્મામાં પૂરી થઈ ન હતી. સાત તો નહિ, પણ ત્રણ શરત પણ પૂરી થઈ ન હતી... પણ આ ચોમાસામાં એક જ મહાત્મામાં એ સાતેય શરતો પૂરી થઈ ગઈ છે, અને મહાત્મા એટલે ગુરુદેવ ! બીજું કોઈ જ નહિ આપ જ છો...

સુલસાબહેને પોતાનો વિશાળ અભિગ્રહ બતાવી દીધો, જો કે મુનિવર જેમ જેમ સાંભળતા ગયા, તેમ તેમ એમને ખ્યાલ આવતો જ ગયેલો કે આ બધા જ પ્રસંગો મારી સાથે જ બનેલા છે, એટલે સુલસાબહેનની તમામ શરતો મારા થકી જ પૂર્ણ થઈ છે.

મુનિવરે વિચારી લીધું 'મારા દ્વારા સાતેય શરતો પૂરી કઈ રીતે થઈ ?'

(૧) મુનિએ તરત જ પોતાની હથેળી ઉપર નજર નાંખી 'હા ! ગુલાબી છે. આંગળીઓ પણ અને પગ પણ Pink છે... વળી લાંબી છે. આ પહેલી શરત તો ભગવાને મને જન્મથી જ પૂરી કરી આપી છે... પણ આ સુલસાબહેનને શી રીતે ખબર પડી ?'

મુનિના મનોભાવ જાણી લીધા હોય, એમ સુલસાબહેને કહ્યું કે 'ગુરુદેવ ! ચોમાસા પહેલા આપે અહીં ત્રણ દિવસની શિબિર રાખેલી. નીચે પાર્કિંગમાં જ પ્રવચનો હતા. એ વખતે મારે આવવાનું ન હતું, પણ હું બાલ્કનીમાં બીજે માળે કપડા સુકવતી હતી, ત્યારે અચાનક મારી નજર નીચે પડી, અને મને અત્યંત આશ્ચર્ય થયું, આપની બેઠક એવી રીતે હતી કે આપનું મુખ દેખાતું ન હતું, પણ આપના હાથ, પગ દેખાતા હતા. અને એ જોતાની સાથે જ હું આશ્ચર્યચકિત થઈ ગઈ. કેમકે મારી પ્રથમ શરત મને યાદ આવી ગઈ... જે અહીં પૂરી થતી હતી.

જો કે મારો ઉત્સાહ વધુ ન ટક્યો. તરત વિચાર આવ્યો કે 'Pink હથેળી-આંગળી હોવી એ કોઈ મોટી વાત નથી, એ તો બીજાઓને પણ હોઈ શકે છે. મહત્ત્વની શરતો તો બીજી બધી છે...'

(૨) હવે બીજી શરતની વાત...

ચોમાસાના પ્રવેશ બાદ એક રવિવારે મારે ગહુલી રૂપે ભક્તિગીત લેવાનું હતું, પરંતુ મારી તબિયત વારંવાર બગડી જતી હોવાથી એ દિવસે પણ હું બિમાર પડી, ઉલટી થઈ અને મારે આપને સમાચાર મોકલવા પડ્યા કે 'હું ગીત માટે નહિ આવી શકું.'

બીજું આપને એ પણ સમાચાર મળી ગયેલા, કદાચ મેં જ આપને વાત જણાવેલી કે 'મારા શ્રાવકને સામાન્ય લકવો થયો છે.' અને આપ એ જ દિવસે શિબિર બાદ અચાનક જ સાડાબાર વાગે મારા ઘરે આવી ચડેલા, બરાબર ને ?

ગુણરાગી વિજયે કહ્યું, 'હા ! શિબિર બાદ સોસાયટીના તમારા જ ચાર માળના બિલ્ડીંગ નીચેથી હું પસાર થયો, વીસેક ડગલા આગળ પણ વધી ગયો. પણ ખબર નહિ કેમ ? અચાનક જ મનમાં વિચાર આવ્યો કે 'લાવ, સુલસાબહેનને ત્યાં જઈ આવું...'

મને એટલી ખબર હતી કે આ બિલ્ડિંગમાં તમારું ઘર છે. પણ ફ્લેટ નં. વગેરેનો ખ્યાલ ન હતો. એટલે સાથેના શ્રાવકને લઈને તમારા ઘરે પહોંચ્યો. કામ કશું ન હતું. હું આ રીતે આજ સુધી કોઈના ઘરે ગયો નથી. જતો પણ નથી. ગોચરી જવાનું હોય, તપશ્ચર્યા માટે પગલા કરવા જવાનું હોય, કોઈએ વિનંતિ કરેલી હોય... તો જવાનું થાય. આમાં તો એવું કશું જ ન હતું.

'ગુરુદેવ ! મારી શરત પૂરી થાય, એ માટે જ, ભગવાને જ આપને આવો વિચાર આપ્યો હશે. અને મને યાદ છે કે આપ આવ્યા, ત્યારે આપના હાથમાં તરપણી ન હતી, પાત્રા ન હતા... અને મેં તો આપને કોઈ વિનંતિ પણ કરી ન હતી કે મારા ઘરે પધારો... અને છતાં આપ પધારેલા... એટલે આ રીતે મારી બીજી શરત પૂરી થયેલી.

મારા શ્રાવકને તો મારી પ્રતિજ્ઞાની કશી જ ખબર ન હતી, પરંતુ અચાનક આપ આવી ચડ્યા, એનાથી એ એટલા ખુશ થયા કે આપ ઘરે પ્લાસ્ટીકની ખુરશીમાં બેઠા, અમે વંદન કર્યા અને આપે વિદાય લીધી કે તરત શ્રાવકે મને કહ્યું કે 'એક દોરી લાવ, અને આ ખુરશીને દોરી વીંટાળી દે...'

મેં કુતૂહલ સાથે પુછ્યું 'કેમ ?'

એ કહે 'આપણું કેટલું પ્રચંડ સૌભાગ્ય કહેવાય કે આપણે કોઈ વિનંતિ નથી કરી અને અચાનક જ આપણા ઘરે સાહેબજી પધાર્યા. હવે સાંભળ. એ જે ખુરશી ઉપર બેઠા છે, એ ખુરશી આપણે જીંદગીભર સાથે રાખશું, નવા ઘરમાં રહેવા જઈએ, મોટું ફર્નિચર બનાવીએ તો પણ આ ખુરશી તો સાથે જ રાખવાની.

અને હા ! જે ખુરશી પર સાહેબજી બેઠા છે, એનો હવે પછી આપણે ઉપયોગ નહિ કરવાનો. કોઈને પણ એ ખુરશીનો ઉપયોગ નહિ કરવા દેવાનો.

આને અત્યારે તો તત્કાળ દોરી વિંટાળી દે. કેમકે બીજી ખુરશીઓ સાથે મિક્ષ ન થઈ જાય. પણ પછી એક કામ કરજે, તારું હારમોનિયમ આના ઉપર મૂકી દેજે અને સાથે પુસ્તકો ! એટલે એ ખુરશીનો કોઈ ઉપયોગ ન કરે, ભૂલથી પણ ન કરે.'

ગુરુદેવ ! એ વખતે શ્રાવકના જે ભાવ હતા, જે ખુશી હતી એ જોઈને મારી પ્રસન્નતા બેવડાઈ ગઈ. મેં એમને તો ન કીધું કે 'મારી બીજી શરત પૂરી થઈ ગઈ છે, અને માટે હું પણ આજે ખૂશ છું, ઘણી ઘણી ખુશ છું.' પણ આજે અમારા ઘરે એ ખુરશી ઉપર હારમોનિયમ અને પુસ્તકો જ પડેલા છે. ગઈકાલે જ ઘરે મહેમાનો આવેલા. ખુરશીની જરૂર હતી, તેઓ પુસ્તક વગેરે હટાવવા ગયા, તો તરત જ શ્રાવકે ના પાડી, કે 'એ ખુરશી એમને એમ જ રહેવા દેજો.'

આ રીતે બીજી શરત તો પૂરી થઈ, પણ હજી તો પાંચ-પાંચ શરતો બાકી હતી. ચક્રવ્યૂહના સાત સાત કોઠાઓને ભેદવા કેટલા અઘરા હોય છે ને ? અને સાતમાંથી એકાદ પણ શરત જો પૂરી ન થાય, તો છ પૂરી થયાનું પણ મને તો કોઈ જ ફળ ન મળે.

વળી, આ બે શરતો પૂ.જ્ઞાનચંદ્રવિજયજી દ્વારા પૂરી થયેલી પણ હતી,

એટલે આટલા માત્રથી મને વધુ આશા બંધાય એ શક્ય ન હતું.

હા ! મને એ ફાયદો થઈ ગયો કે 'શ્રાવકને ધર્મ પ્રત્યે રુચિ વધી, સાધુ પ્રત્યેનો સદ્ભાવ પ્રગટ થયો... વધ્યો...'

(૩) એક દિવસ મારો ભાઈ તારક અને પપ્પા ઘરે મળવા આવેલા, પાછા જતા હતા, ત્યારે મેં પ્રેરણા કરી કે 'અહીં સાહેબજી છે, દર્શન કરીને જજો...' અને તેઓ આપને મળવા આવેલા, સમય રાતનો હતો. તેઓ દર્શન કરીને જતા જ રહેવાના હતા, પણ અચાનક કંઈક વાત નીકળી, અને આપે મારી પવિત્રતા માટેની, મારી ભાવનાઓ માટેની ભરપૂર અનુમોદના કરી. આપને આ બધું શી રીતે સમજાયું ? એ મને ખબર નથી, કેમકે મારા જીવનની પવિત્રતા આદિની બાબતો તો મેં અત્યારે આપને જણાવી છે, પહેલા તો કોઈ વાત થઈ જ ન હતી.

થોડા દિવસ બાદ જ્યારે મળવાનું થયું, ત્યારે ભાઈ તારકે મને વાત કરી કે 'મ.સા. તારા માટે ખૂબ અનુમોદના કરતા હતા...'

મેં પુછેલું 'કઈ બાબતની અનુમોદના...'

અને એણે જે જવાબ આપ્યો, એનાથી મને ખૂબ જ સંતોષ થયો, આંખે હર્ષાશ્રુના તોરણ બંધાયા, કે 'મારી ત્રીજી શરત પણ પૂરી થઈ.' અને મારી મરી ગયેલી આશા કંઈક જીવતી થઈ કે 'કદાચ મારો અભિગ્રહ પૂરો થશે...'

જો કે હજી તો ચાર-ચાર વિચિત્ર શરતો બાકી હતી. પણ અત્યાર સુધી ત્રણ શરત તો ક્યાંય પૂરી થઈ ન હતી. જે આપના થકી પૂરી થઈ, એટલે આશા બંધાણી.

(૪) મને સંગીતનો શોખ છે. મેં ભક્તિગીતોની આખી નોટ લખી રાખેલી. પણ વર્ષો વીતી જવાથી એ હવે ફાટવા આવેલી, એટલે મેં નક્કી કર્યું કે 'હવે ભક્તિગીતોની નવી નોટ બનાવું...'

એક સરસ મઝાની નોટ લઈ આવી, અને મને વિચાર આવ્યો કે 'આના પહેલા પાના ઉપર મ.સા.ના હાથે જ કંઈક સુવાક્ય લખાવું, જેથી સારું મંગલ થઈ જાય, પછી જ ગીતો લખવાના ચાલુ કરું...'

અને નોટ લઈને આપની પાસે આવી, આપને વિનંતિ કરી કે 'મ.સા. ! આ ગીતોની નવી નોટ બનાવું છું. તો એના પહેલા પાના ઉપર કોઈક સુવાક્ય અને આપનું નામ લખી આપો ને ?'

સાહેબજી ! એ વખતે મારા મનમાં અભિગ્રહોનો કે એની સાત શરતોનો કોઈ ઉપયોગ જ ન હતો. હું ખરેખર સુવાક્ય લખાવવા જ આવેલી. પણ કુદરતે કેવો ચમત્કાર સર્જ્યો...

આપે નોટ આપના હાથમાં લીધી, બોલપેન હાથમાં લઈને કંઈક લખવાનું

ચાલુ જ કરતા હતા અને આપનો હાથ અટકી ગયો, આપે મને સહજભાવે જ પૂછયું કે 'સુલસાબહેન ! તમે તો ન્યુ જનરેશનના છો, ક્રિશ્ચન સ્કુલમાં ભણેલા છો, સુખી પરિવારના છો, અને છતાં તમારામાં આવી ધાર્મિક રુચિ, આવી પ્રભુભક્તિ... ઘણું જ સરસ કહેવાય. અને તમે તો કુળદેવીને પણ નથી માનતા. (એ પ્રસંગ આગળ આવશે...) તો આ બધું તમને કોણે શીખવાડ્યું ?'

મેં ત્યારે જવાબ આપેલો 'પૂ. સુંદર મ.એ સુદેવ, સુગુરુ અને સુધર્મની ઓળખ કરાવેલી, એમનો મારા ઉપર એ મોટો ઉપકાર છે. એ વખતથી તીર્થંકર પ્રભુ સિવાય હું કોઈને પણ માનતી નથી.'

આપે મારી વાત સાંભળી, આપના મુખ પર પ્રસન્નતા છવાઈ ગઈ, આપે એક જ સેકંડમાં કોઈક નિર્ણય કરી લીધો, અને બોલપેનવાળો હાથ પહેલા પાનાની ઉપરની જગ્યાએ સ્થિર થયો અને આપે 'પૂ.આ.ભ.સુંદરસૂરિજી મ.ને અનંત વંદન...' એ શબ્દો લખ્યા... અને આપ બોલ્યા 'એ મહાત્મા તમારા પ્રથમ ઉપકારી છે. માટે એમનું નામ સૌથી ઉપર... સૌથી પ્રથમ...'

અને પછી એની નીચે આપે સુવાક્ય લખ્યું, આપનું નામ લખ્યું.

હું તો આપની ઉદારતા જોઈને સ્તબ્ધ બની ગઈ, આપે એમનું નામ લખ્યું એ વિચાર જ મને આજે પણ આશ્ચર્ય જન્માવે છે. નથી તો એ આપના સમુદાયના, નથી તો એ આપના ઉપકારી... છતાં 'એ મારા ઉપકારી છે.' માટે આપે મારી નોટમાં એમનું નામ પ્રથમ લખ્યું એ આપની ઉદારતા જોઈ હું અચરજ પામી. મને લાગ્યું કે 'મારું પ્રચંડ સૌભાગ્ય છે કે આવા મહાત્મા મને મળ્યા.'

પણ મને ઘણો ઘણો ઘણો વધારે હર્ષ તો એ વાતનો થયો કે 'મારા અભિગ્રહની સાવ અશક્ય જેવી ચોથી શરત પણ પૂરી થઈ ગઈ હતી.'

મેં ત્યારે આપને કશું જ ન જણાવ્યું. મેં મારો હર્ષ પણ છુપાવી રાખ્યો, પણ મારી આશાઓ બળવાન બની. ભગવાને અઘરી-અઘરી ચાર શરતો પૂરી કરી આપી છે, તો હવે બીજી પણ ત્રણ શરતો એ પૂરી કરશે જ.

(૫) 'સમાધિમરણ'ની C.D. તૈયાર કરાવવાનો નિર્ણય મુંબઈના દાતાએ લીધો, આપનું માર્ગદર્શન માંગ્યુ અને આપે મારું નામ સુચવ્યું. નિર્ણય કરવામાં આવ્યો કે 'કયા કયા સ્તવનો, ગીતો, સજ્ઝાયો લેવા...'

એક દિવસ આપે મને બોલાવીને જણાવેલું કે 'ષોડશકપ્રકરણમાં આચાર્ય ભ. હરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું છે કે જો શ્રાવકે દેરાસર બનાવવું હોય, પ્રતિમા બનાવવી હોય, તો શિલ્પીનું સૌ પ્રથમ બહુમાન કરવું અને પછી કામ ચાલુ કરવું. ધારો કે બજારમાં પ્રતિમા બનાવવાની કિંમત ૧૦,૦૦૦/- રૂા. હોય,

પણ શ્રાવક અતિસમૃદ્ધ હોવાથી એ લાખ રૂા. આપી શકતો હોય અને શિલ્પી પણ શરાબી-જુગારી-વ્યભિચારી ન હોય, સજ્જન હોય, વ્યસનમુક્ત હોય, તો શ્રાવકે એને ૧ લાખ રૂા. આપીને બહુમાન કરવું અને પછી કામ ચાલુ કરવું. કારણ કે આ તો પરમાત્માની પ્રતિમા ભરાવવાની છે.

એ જ રીતે મુંબઈના શ્રાવક હજારો લોકોને મરણ વખતે સમાધિ પ્રાપ્ત કરાવનારી C.D. તૈયાર કરાવી રહ્યા હોય, તો આ કામ પણ ઉત્તમકોટિનું જ છે. અને એના શિલ્પી તરીકે તમે છો, એટલે તમારું બહુમાન કર્યા વિના આ કામ ચાલુ ન કરાય, નહિ તો એમાં ઉચિત સફળતા ન મળે. માટે રૂા. ૧ લાખથી સૌપ્રથમ આપનું બહુમાન કરવું છે. એ પછી જ એ શુભકાર્યનો પ્રારંભ થશે...'

'અને એ વખતે મેં જવાબ આપેલો કે

'મ.સા. ! આ તો કોઈપણ હિસાબે શક્ય નહિ બને. સંગીત એ મારી વિદ્યા છે. અને હું મારી વિદ્યાને વેંચી નહિ શકું. આપ ભલે એ ૧ લાખ રૂા.ને બહુમાન નામ આપો કે ગુરુની પ્રસાદી નામ આપો કે ભગવાનની પ્રસાદી નામ આપો, પરંતુ હું સ્પષ્ટ રીતે સમજી શકું છું કે આ મારા માટે મારી વિદ્યા વેંચવા બરાબર છે. એટલે એ તો શક્ય જ નહિ બને.

મને લાગે છે કે મ.સા. ! આપને કોઈકે એવું કહ્યું છે કે મને પારિવારિક અને આર્થિક પ્રોબ્લેમ છે...

એ અંગે આપને એટલું જ જણાવીશ કે મને કોઈ પ્રોબ્લેમ નથી. પણ એટલું ચોક્કસ કહીશ કે ગમે એટલા પ્રોબ્લેમ હશે ને, તો પણ મારી વિદ્યા વેંચીશ તો નહિ જ.

આપ કહેશો તો સોસાયટીની છોકરીઓને, બહેનોને સારામાં સારું સંગીત શીખવાડીશ, પણ એમાં પણ આ વાત પાકી જ છે કે પૈસા નહિ જ લઉં. 'બહુમાન' શબ્દ રૂપે પણ નહિ.

મ.સા. ! ભૂખે મરી જવું મંજુર છે, દુઃખોની સામે ઝઝુમવું મંજુર છે, પણ સંગીતવિદ્યાને હું વહેંચી નહિ શકું...'

અને મારી આ વાત સાંભળીને આપની આંખે મોતી ઝળક્યા હતા, આપે પુછ્યું હતું કે 'બહેન ! આજે કરોડપતિઓ અને અબજપતિઓ પણ સંસારના સુખો પાછળ ભિખારી છે. પૈસા પાછળ ભિખારી છે અને આપને એવી કોઈ જ અપેક્ષા નથી ? મોટા મોટા માણસો પણ અમારી પાસે દુઃખો માટે રોતા રોતા આવે છે. અને અમને શરમ આવે, એવી માંગણીઓ કરે છે. એની સામે તમારે તમારા વાસ્તવિક દુઃખો માટે પણ એકાદ અક્ષર જેટલી પણ ફરિયાદ નથી કરવી ? આ તે તમારી કેવી ખુમારી ! કેવી નિષ્ઠા ! કોણે તમારામાં આવા સંસ્કારોનું સિંચન કર્યું ?'

મેં કહેલું 'મારા પાઠશાળાના શિક્ષિકા ઉર્વશીબહેને ! એમણે ભલે બહુમાનાદિ લીધા હશે, એમને એ વખતે કદાચ સખત જરૂર હશે, પણ એમનો આદર્શ તો આ જ હતો. એ મારા વિદ્યાગુરુ તો હતા જ, પણ હું તો એમને મારા જીવનનું ઘડતર કરનારા ગુરુ તરીકે પણ માનું છું.'

આપણો વાર્તાલાપ એ દિવસે પૂરો થયો, અને જોગાનુજોગ બીજા જ દિવસે વ્યાખ્યાનમાં, ચતુર્વિધ સંઘની હાજરીમાં આપે વાત-વાતમાં ઉર્વશીબહેનની ખૂબ જ પ્રશંસા કરી. પાઠશાળાના શિક્ષિકા કેવા હોવા જોઈએ ? એ આપે એમના દૃષ્ટાન્ત સાથે સમજાવ્યું...

એ સાથે જ આપે પૂ. સુંદરસૂરિજીની પણ અનુમોદના કરી કે એમના દ્વારા આ બહેન પોતાના સમ્યક્ત્વમાં અત્યંત દૃઢ બન્યા છે.

અને મારી આંખે પાછા અનરાધાર આંસુ... કેમકે મારી પાંચમી શરત પૂરી થઈ ગઈ હતી. સાવ સહજ રીતે... કોઈ પ્રકારના માયા-કપટ વિના... ન તો મેં જાણી જોઈને ઉર્વશીબહેનની વાત કાઢેલી, ન તો મેં એમની અનુમોદના કરવાનું આપને આડકતરું પણ સૂચન કરેલું... બધું સહજ રીતે જ બનેલું. એટલે જ 'મારા અત્યંત ઉપકારી ૮૫ વર્ષના ઉર્વશીબહેનની ચતુર્વિધસંઘની હાજરીમાં એ મહાત્મા પ્રશંસા કરે' એ મારી પાંચમી શરત પણ આ રીતે પૂરી થયેલી.

(૬) પર્યુષણમાં પહેલા ત્રણ દિવસ આમ તો ક્યાંય પણ બપોરના પ્રવચન હોતા નથી. પરંતુ 'આપ દર વખતે એ ત્રણ દિવસ પણ બપોરના પ્રવચનો રાખો છો.' એમ આપે જ કહેલું, એમાં દરેક પ્રવચનમાં મારે એક-એક ગીત લેવાનું હતું.

આપે મને સૂચના કરેલી કે 'ત્રીજો દિવસ, રવિવાર છે, અને વાર્ષિક અગિયાર કૃત્યોમાં ભવ-આલોચના કૃત્ય પણ આવે છે. તો આપણે એ દિવસે બપોરના એ સંબંધી ગીત લેવું છે. અને એ ગીત મારી પાસે છે, મેં **રાજસ્થાન**માં ગહુંલીરૂપે સાંભળેલું અને તમારે પણ એ રીતે જ લેવાનું છે.'

અને આપે મને ગીત આપેલું. **'મોડું શાને કરે છે વધુ, આજ કહી દે પ્રભુને બધું...'**

મને પણ એ શબ્દો ખૂબ ગમી ગયેલા.

પર્યુષણનો એ ત્રીજો દિવસ...

બપોરનો સમય...

ગીતના શબ્દો અને આપનું વિવેચન...

એ શબ્દોએ આપનો અંતરાત્મા ખળભળી ઉઠ્યો. આપ ઘણું ઘણું રડ્યા, આપના રૂદને આખી સભા રડી... અને છેલ્લે આપે કબુલાત કરી કે 'છેલ્લા બે

વર્ષથી મેં પણ મારા પાપો મારા ગુરુને જણાવ્યા નથી, આલોચના કરી નથી, પ્રાયશ્ચિત્ત લીધું નથી. અમારે અમારા નાના કે મોટા કોઈપણ પાપો ગુરુને રોજ, પંદર દિવસે, ચાર મહિને કે છેવટે સંવત્સરી પહેલા તો એકવાર અવશ્ય કહી જ દેવાના હોય. પણ મેં પ્રમાદ કર્યો, રાજસ્થાનમાં પૂ.આ.કરુણાસાગરસૂરિજી મ. પાસે આલોચના લીધી. ત્યારબાદ વિહાર કર્યો, દક્ષિણભારત આવ્યો અને બે વર્ષ વીતી ગયા, આલોચના બાકી જ છે. માટે જ ખરી રીતે તો મારો આત્મા મલિન છે. એને સ્નાન કરાવવાનું બાકી છે. માટે જ ખરી રીતે તો એ વંદન લેવાને માટે પણ લાયક નથી.

પણ, આજે આ બહેનના શબ્દોએ મારી આંખો ઉઘાડી દીધી છે.

માત્ર શાસનપ્રભાવનાથી, શાસનના કાર્યો કરવાથી, પુસ્તકો લખવાથી, વ્યાખ્યાન કરવાથી મારું કલ્યાણ નથી. મારા આત્માને સ્નાન કરાવીશ, તો જ મારું નિશ્ચિત કલ્યાણ છે.

આ ગીતના શબ્દોએ મને પ્રેરણા કરી છે કે 'તું શા માટે વિલંબ કરે છે ? પ્રમાદ કરે છે ? જલ્દી કર. બે વર્ષના પાપો લખી નાંખ. મોકલી આપ રાજસ્થાન પૂ.આ.ભ. કરુણાસાગરસૂરિજી મ.ને ! એ જ તારું સ્નાન છે, એ જ તારું કલ્યાણ છે.

અને આ સંઘની સામે જ પ્રતિજ્ઞા લઉં છું કે ભલે પર્યુષણમાં હવેના પાંચ દિવસ કલ્પસૂત્રના સવાર-સાંજના પ્રવચનો રહેવાથી વધારે સમય ન મળે, હું સખત Busy હોઈશ, તો પણ સંવત્સરીના પ્રતિક્રમણ પહેલા મારી મહત્ત્વની તમામ આલોચના લખી જ દઈશ, એ મારું કાર્ય પૂરું થયા બાદ જ સંવત્સરી પ્રતિક્રમણ કરીશ... અને તમને બધાને પણ વિનંતિ કરું છું કે જીવનના પાપોને ધોઈ નાંખવાનો આ એક માત્ર અણમોલ ઉપાય છે આલોચના ! શરમ ખંખેરી નાંખીને બધા જ પાપો સદ્ગુરુ પાસે જઈને કબુલી લેજો. જે પાપો ખાનગીમાં કરેલા હોય, હલકામાં હલકા હોય, મનના એવા અતિ ખરાબ વિચારો હોય... એ બધું જ નાના બાળક બનીને ગુરુને જણાવી દેજો... તો તમે બચી શકશો.

અને સુલસાબહેન ! તમારો ખૂબ જ ઉપકાર માનું છું. તમારા શબ્દોએ મને આ ભાવના જગાડી, મારા પ્રમાદને દૂર કરી દીધો, મારી આળસને ખંખેરી નાંખી, તમે મને આલોચના લેવામાં પ્રેરક બન્યા.'

ગુરુદેવ ! આપ તો આંસુઓ સાથે આટલું બોલીને અટકી ગયા, પરંતુ એ સાંભળીને મારા આંસુ તો ચારગણા વધી ગયા. આપની આલોચનાની પ્રેરણાથી આમ પણ આંસુ વહી જ રહ્યા હતા, એમાં આપના અંતિમ શબ્દોથી મને ભાન થયું કે 'આ તો મારા અભિગ્રહની છઠ્ઠી શરત પણ પૂરી થઈ ગઈ. 'એ મહાત્માને

મારા નિમિત્તે આલોચના કરવાના ભાવ જાગે, પ્રેરણા મળે...' એ હતી મારી છઠ્ઠી શરત !

ચક્રવ્યૂહના સાત કોઠામાંથી છ કોઠા તો વિંધાઈ ગયા. સાડા નવ વર્ષમાં ક્યાંક માત્ર બે જ શરતો પૂરી થયેલી જોનાર અને માટે જ હતાશ થઈ જનાર મારા માટે માત્ર બે મહિનાની અંદર જ અણધારી રીતે આ વિચિત્ર શરતો પૂરી થવી એ પરમ પરમ પરમ પ્રસન્નતાનું કારણ બની જ રહે ને ?

માટે જ મારું હૃદય ભરાઈ ગયું, કંઠ રુંધાઈ ગયો, કશુંય બોલવાની શક્યતા જ ન હતી. પણ એ પછી એક ગીત લેવાનું હતું **'મનને મનાવી લે...'** અને માટે જ મનને મનાવી લઈને, ગમે તે કરીને સ્વસ્થ થઈને, ગળું ખંખેરી લઈને સમુદ્રના મોજાની માફક ઉછળતા હર્ષને સમાવી લઈને મેં એ બીજું અદ્‌ભુત ગીત પણ ગાઈ લીધું.

ઘરે ગયા પછી એ જ વિચારોમાં રહી. એ મીઠી ક્ષણોને યાદ કરતી રહી. સંસારીઓને ખાવામાં-પીવામાં-સુવામાં-ફરવામાં-પરસ્પરના પ્રેમમાં જ મજા આવતી હોય છે, પણ એ દિવસે તો હું અનુભવ કરી રહી હતી કે આ તમામ મજા મારી એ દિવસની મજા સામે રાખ બરાબર હતી.

(૭) બસ, હવે એક શરત બાકી હતી. 'એ મહાત્માને જોઈને મને જીવનનો સૌથી વધારે આનંદ અનુભવાય.'

આપને કે કોઈપણ સંયમીને જોઈને આનંદ તો અનુભવાતો જ હતો, પણ મારે તો એવો આનંદ જોઈતો હતો, જે મેં મારી જીંદગીમાં ક્યારેય અનુભવ્યો ન હોય, જેનું વર્ણન પણ હું ન કરી શકું.

અને ગુરુદેવ ! પ્રભુએ મારી આ અંતિમ શરત પણ પૂર્ણ કરી.

પર્યુષણનો પાંચમો દિવસ ! વર્ધમાનકુમારના જન્મવાંચનનો દિવસ ! આપે કંચનગિરિ સોસાયટીને 'ક્ષત્રિયકુંડ' નગરી બનાવડાવી હતી. ભાઈઓ પ્રાચીન વેષભૂષામાં શોભી રહ્યા હતા, ચડાવો લઈને એક પરિવાર સિદ્ધાર્થ અને ત્રિશલા બન્યા હતા. માહોલ અદ્‌ભુત હતો. એક મોટા સ્ટેજ ઉપર, સિંહાસન ઉપર સિદ્ધાર્થ-ત્રિશલા-નંદિવર્ધન-સુદર્શના બિરાજમાન હતા. એક બાજુ મોટી પાટ ઉપર આપ બિરાજમાન હતા. કોઈક અદ્‌ભુત વ્યવસ્થા ગોઠવવામાં આવેલી કે જેના લીધે દૂરથી અદ્ધર હવામાંથી એક પછી એક સ્વપ્નો ત્રિશલાજીના હાથમાં આવતા હતા. બધાને બરાબર દેખાય, એ માટે આપે સખ્તાઈ સાથે બધાને બેસાડી દીધા હતા. એટલે દૂર રહેલાઓ પણ બધું જોઈ શકતા હતા.

આપ વચ્ચે વચ્ચે અમુક સૂચનાઓ પણ આપતા હતા, કંઈક સમજાવતા પણ હતા. પણ ગુરુદેવ ! હું ઘણી ઘણી દૂર હતી, આગળ આવવાની કોઈ જગ્યા ન

હતી, દૂર હોવાથી આપના શબ્દો તો સંભળાતા ન હતા, પણ આપશ્રીના દર્શન થતા હતા. શરૂઆતમાં તો વચ્ચે વચ્ચે કંઈક આડશ આવવાથી દર્શન પણ થતા ન હતા. પરંતુ મેં મહેનત કરી. ઉંચા-નીચા થઈને છેવટે જ્યાંથી આપના સ્પષ્ટ દર્શન થતા હતા. એ જગ્યા મળી ગઈ. અને ધ્યાનથી આપને જોવા લાગી... અને

ગુરુદેવ ! શું થયું ? એ ખબર નથી... પણ અચાનક જ આંસુઓ વહેવા માંડ્યા, રૂંવાડે રૂંવાડે ઝણઝણાટી વ્યાપી ગઈ. સાડા ત્રણ કરોડ રૂંવાડા વિકસ્વર બની ગયા. ઘોર અંધારી રાત બાદ સૂર્યના દર્શન થાય, સાગરમાં ડુબનારાને જહાજના દર્શન થાય... એનાથી તો કરોડો ગણી પ્રસન્નતા મારા હૃદયમાં ધબકવા લાગી. લગ્ન પહેલા, લગ્ન વખતે કે લગ્ન પછી જીવનમાં હજારો સુખ અનુભવ્યા છે. પણ એ વિષ્ટા લાગે અને આ સુખ અમૃત લાગે, એવો અનુભવ થઈ રહ્યો હતો.

એ વખતે મેં પ્રભુને અંતરથી અનંતી વંદનાઓ અર્પી. મારું મન પોકાર કરી રહ્યું હતું 'વાહ ભગવાન ! તેં મારા અભિગ્રહની સાત સાત શરતો પૂરી કરી આપી, તેં મને સુગુરુની પ્રાપ્તિ કરાવી આપી. તેં મને ધન્યાતિધન્ય બનાવી દીધી. હવે આજ પળે મોત આપી દેશે ને, તો પણ કોઈ દુઃખ નહિ થાય. હવે મારે કશું નથી જોઈતું. હવે જે થવું હોય તે થઈ જાય, ત્રીજા સ્ટેજનું કેન્સર આવી જાય અને મારે અત્યારે જ ભયાનક વેદનાઓ સહેવી પડે, તો પણ મંજુર છે... ઓ મારા નાથ ! તું આવા ચમત્કારો પણ સર્જી શકે છે, એની મને શ્રદ્ધા તો હતી જ, પણ આજે તેં મારી શ્રદ્ધાને સાચી સાબિત કરી બતાવી.'

ગુરુદેવ ! મને મન થઈ ગયું એ વખતે, કે દોડીને આપની પાસે પહોંચી જાઉં, આપને બધી વાત કરું, મારા આંસુઓની ભેટ આપના ચરણે ધરું, 'સેંકડો લોકો જુએ છે કે નથી જોતા' એ શરમ મને નહિ રોકે...

પણ એ શક્ય ન બન્યું. ગમે તેમ તો ય વ્યવહાર તો સમજતી હતી. સ્ત્રીસુલભ મર્યાદા-લજ્જા એ તો મારું આભૂષણ છે. એટલે જ મારી જાતને મહામુશ્કેલીથી રોકી રાખી. બસ, એ જ પળથી મેં મારા હૃદયમાં ગુરુ તરીકે આપની સ્થાપના કરી દીધી. આપને માટે મ.સા. કે સાહેબજીને બદલે ગુરુદેવ શબ્દ પણ ધારી લીધો. કેમકે સુગુરુ એ જ મારા માટે સુદેવ સમાન છે.

જો કે હું આપની શિષ્યા બનવા માટે લાયક છું કે નહિ ? એ મને ખબર ન હતી. માટે જ મનમાં એટલી બધી તાલાવેલી જાગી કે જલ્દી જઈને પહેલા આપને આ બધી વાત જણાવું અને આપને શિષ્યા તરીકે મારો સ્વીકાર કરવાની વિનંતિ કરું... બસ, આપ હા પાડો એટલે મારું કામ પૂરું ! હા ! આપ ના

પાડો, તો પણ ભલે હું આપના તરફથી આપની શિષ્યા નહિ, પણ આપ તો મારા તરફથી મારા ગુરુદેવ રહેશો જ... એ મેં દૃઢ નિશ્ચય કરી લીધો.

જન્મવાંચનનો કાર્યક્રમ પૂરો થયો, આપ તો પારણાવાળાને ત્યાં પગલા કરવા નીકળી ગયા. આમ ને આમ સમય પસાર થઈ ગયો અને રાત પડી ગઈ. મેં તો નક્કી કરી લીધું કે ભલે રાત થઈ ગઈ. પણ શ્રાવકને લઈને અત્યારે ને અત્યારે હું આપની પાસે આવું અને બધું વિસ્તારથી કહું...

પણ, પાછી મર્યાદાઓ નડી. આપની કડકાઈનો ખ્યાલ હતો જ કે 'આપ સૂર્યાસ્ત બાદ બહેનોને નહિ મળો...' જો કે એ બધું પણ ભૂલી જાત. જીદ કરીને પણ રડીને પણ, આપની સંમતિ મેળવીને પણ હું બધું જ કરી લેત... પણ મેં મારા મનને સમજાવ્યું કે 'સુલસા ! સાડા નવ વર્ષ રાહ જોઈ છે, અને તને ફળની પ્રાપ્તિ થઈ છે. તો હવે થોડાક માટે ઉતાવળ ન કર. રાહ જો... ઉચિત સમયે જ શાંતિથી બધું કહેજે. અત્યારે તો તારા ગુરુદેવ પણ શાંતિથી તારી વાત નહિ સાંભળી શકે..'

અને શરીરને તો રોકી લીધું, પણ મનને, આંખના આંસુઓને ન રોકી શકી... હર્ષના આંસુ વહ્યા જ કરતા હતા... કોણ એને રોકે ? અરે, રોકવાની ઈચ્છા પણ ક્યાં હતી ?

ગુરુદેવ ! આપ નહિ માનો, પણ આખી રાત હું જાગી છું, મન પ્રસન્ન અને આંખો ભીની...

એ પછીના દિવસોમાં ત્રણ-ચાર વાર આપની પાસે આવેલી, પણ કોઈકની હાજરી હોવાથી બધી વાત ન કરી શકી, અંતે પંદરેક દિવસ પહેલા અવસર તો મળી જ ગયો, પણ મેં નક્કી કરી લીધેલું કે '૧૪ સપ્ટેમ્બર મારા જન્મદિવસે જ હું બધી વાત કરીશ.' એટલે સામાન્યથી તો આપને એ દિવસે બધી વાત કરી દીધેલી, પણ આજે મારા જન્મદિવસે આપને બધું જ જણાવી દઈને હું ખૂબ ખૂબ ખૂબ ખુશ થઈ ગઈ છું.

ગુરુદેવ ! આપને ખબર તો હશે જ કે મારી તબિયત જરા ય સારી રહેતી ન હતી. મને રોજ ઉલટી થતી, પર્યુષણ પહેલા તો હું એકવાર બેભાન થઈ ગયેલી, હું કશું ખાઈ નથી શકતી. આખા દિવસનો મારો ખોરાક માંડ બે-ત્રણ રોટલી જેટલો... કફ ચિક્કાર છે, ચોમાસા પહેલા બેંગલોરમાં નેચરોપથી પણ કરાવી, પરંતુ કંઈ જ ફરક ન પડ્યો.

પણ જન્મવાંચનના દિવસે થયેલો અપાર આનંદ અને આપની ગુરુદેવ તરીકે મનથી કરેલી સ્થાપના... ગુરુદેવ ! ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ હું અનુભવી રહી છું કે વીસેક દિવસ વીતી ગયા છે. પરંતુ મને એ દિવસ બાદ એકપણ વાર

ઉલટી નથી થઈ. મારો ખોરાક ત્રણ ગણો વધી ગયો છે. મમ્મી-પપ્પા મને કહે છે કે 'તું તો કેટલું ખાય છે ?' Friends પૂછે છે કે 'તારી Body વધવા માંડી છે. તું શું ખાય છે ? અમને તો કહે.' શ્રાવક તો મને મજાકમાં કહે છે કે અત્યાર સુધી હું હતો, તો પણ તું બિમાર જ રહેતી હતી. પણ હવે તો ગુરુ મળી ગયા, એટલે તું તો એકદમ Ready થવા લાગી. ૧-૧ લીટર દૂધ પીવા માંડી, હવે મને પડતો મૂકીને ગુરુની પાછળ-પાછળ તો જતી નહિ રહે ને ?...

મેં જવાબ આપી દીધો છે એમને. 'એમ પણ પહેલા દીક્ષાની ભાવના તો હતી જ, પણ તમારી રજા લઈને જ હવે દીક્ષા લઈશ. એ વિના નહિ. હું ભાગીને દીક્ષા નહિ લઉં.'

આ છે મારા અભિગ્રહનો ઈતિહાસ !

હવે ગુરુદેવ ! આપને મારી વિનંતિ છે કે આપને જો મારામાં પાત્રતા દેખાય તો મારો અને મારા શ્રાવકનો શિષ્ય-શિષ્યા રૂપે સ્વીકાર કરી મારા પર ઉપકાર કરો.'

આપના ચરણોનો સ્પર્શ કરવાનું સૌભાગ્ય તો મારી પાસે નથી, પરંતુ મંદિરમાં કે વ્યાખ્યાનમાં ચૈત્યવંદનાદિ કરીને જ્યારે આપ જતા રહ્યા હો, અને મારે ત્યાં આવવાનું થયું હોય, તો ત્યાંની ધૂળ મારા મસ્તકે લગાડવા જેટલું સૌભાગ્ય મારી પાસે છે.

ગુણરાગી વિ.એ એકધ્યાન બનીને બધી જ વાતો સાંભળી. વચ્ચે વચ્ચે અમુક પ્રશ્નો પુછવાની ઈચ્છા થઈ આવેલી, પણ સુલસાબહેનની અસ્ખલિતધારા તૂટી ન જાય, એ માટે એમણે એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યો ન હતો.

હવે એ બોલ્યા 'બહેન ! તમારા ગુરુ બનવા માટે હું લાયક છું કે નથી, એ તો મને ખબર નથી. પણ તમારા જેવા ગુણભંડાર આત્માઓ મને ગુરુ તરીકે સ્વીકારે એ હું મારું સૌભાગ્ય માનું છું.

આજે તમારો જન્મદિવસ ભલે હો, પણ એકાદ મહિના બાદ દિવાળી આવશે. દિવાળીના દિવસે પ્રભુવીરનું નિર્વાણ થયું એટલે કે સાક્ષાત સુદેવે વિદાય લીધી. અને બેસતા વર્ષના દિવસે ગૌતમસ્વામીને કેવલજ્ઞાન થયું. એટલે કે સાક્ષાત સુગુરુની હાજરી થઈ. સુદેવનું સંપૂર્ણ સ્થાન સુગુરુએ લઈ લીધું. એટલે બેસતા વર્ષે જ ગુરુપદે સ્થાપના કરજો.'

'એની કોઈ વિધિ હોય છે ?' સુલસાબહેને પુછ્યું.

'ના. આમ તો વિધિ જેવું કંઈ નથી. પરંતુ એ દિવસે ગુરુ સામે ગહુલી કરી, વંદના કરી, ગુરુપૂજન કરી, માંગલિક સાંભળવું... ગૌતમસ્વામીની મૂર્તિ

કે ફોટાને ત્રણ પ્રદક્ષિણા આપવી... બસ, આ રીતે કરવાથી એક નિશ્ચય થાય... કે આ મારા સુગુરુ...'

આટલું કહીને મુનિવરે વાતને વળાંક આપ્યો...

'સુલસાબહેન ! કેટલાક પ્રશ્નો પુછવા છે, જો મને ગુરુ બનાવ્યા જ છે, તો બિલકુલ છુપાવ્યા વિના જવાબ આપજો...'

તમે તમારા અભિગ્રહમાં આવી વિચિત્ર પ્રકારની જે સાત શરતો ધારી, એની પાછળ કોઈ કારણ તો હશે ને ? એટલે કે તમને આવી શરતો ધારવાની ઈચ્છા કેમ થઈ ? તમારા મનમાં આવા વિચિત્ર વિચારો શી રીતે આવ્યા ? એ તમે મને જણાવી શકશો ?

હા ! એ બધું કહેવામાં કોઈકની નિંદાની વાત હોય, તો એ વાત ન કરશો. કેમકે મેં જોયું છે કે તમે ક્યારેય એવા શબ્દો સાંભળવા પણ તૈયાર નથી અને બોલવા પણ તૈયાર નથી... પણ એવું જે ન હોય, એ તો મને જણાવશો ને ?'

અને સુલસાબહેને એ રહસ્ય પણ પ્રગટ કરવાનો પ્રારંભ કર્યો.

'ગુરુદેવ ! લગ્ન પહેલા મેં પૂ. સુંદર મ. પાસેથી સરસ્વતીની મૂર્તિ પ્રાપ્ત કરેલી. એની મેં ઘરે પ્રતિષ્ઠા કરી અને ત્યારે સંકલ્પ કરેલો કે 'હું સારામાં સારો અભ્યાસ કરીશ.' એ પછી બે મુમુક્ષુ બહેનો મારા સંગીતના કારણે ખૂબ જ વૈરાગ્યવાસિત બનેલા. એમની દીક્ષા લેવા માટેની મક્કમતા પણ એ ભાવવાહી ગીતોથી આવી. તેઓ મને કહેતા કે 'સુલસા ! તારા નિમિત્તે જ અમે દીક્ષા લેશું.' એમની આ વાતો સાંભળીને મને ઘણો જ આનંદ થયો અને એ વખતે માતા સરસ્વતીની સામે પ્રતિજ્ઞા લીધેલી કે આજ પછી આખી જીંદગી દરમ્યાન એક પણ વ્યક્તિની નિંદા નહિ કરું, કોઈ ગમે તેવું હોય... મારા માટે ગમે તેવો અપપ્રચાર કરનાર હોય, મારી ઘોર નિંદા કરનાર હોય, મારા ઉપર મોટો અપકાર કરનાર હોય... તો પણ હું એના માટે પણ એકપણ અક્ષર નિંદાનો એટલે કે Negative નહિ બોલું, એનો દોષ પ્રગટ નહિ કરું...

જે દિવસે હું આ ભૂલ કરું, તે દિવસે હે મા સરસ્વતી ! તું મારી સંગીતશક્તિને છિનવી લેજે. મારા સુસ્વરને પાછો ખેંચી લેજે. મારા અવાજને બેસુરો બનાવી દેજે. હું સમજી જઈશ કે મારા પાપનું મને ફળ મળી ગયું છે.'

એટલે, ગુરુદેવ ! આ સાતેય શરતો ગ્રહણ કરવા પાછળ ક્યાંક કોઈક વ્યક્તિઓના દોષ પણ કારણ છે, પણ એ વ્યક્તિઓના નામ આપને નહિ જણાવી શકું.

(૧) કલ્પસૂત્રના પ્રવચનોમાં સાંભળેલું અને ઉર્વશીબહેન પાસે પણ સાંભળેલું કે 'જેના હાથ Pink હોય, આંગળીઓ લાંબી હોય... એ Lucky

હોય, સૌભાગ્યશાળી હોય...'

ત્યારથી મને વિચાર આવેલો કે 'મારા ગુરુ પણ ભાગ્યવાન ! Lucky તો હોવા જ જોઈએ. જો એ Lucky હશે, તો જ એમને પણ વધુને વધુ સારા ગુરુની પ્રાપ્તિ થઈ હશે, તો જ એમને વધુ ને વધુ સારો ચારિત્રધર્મ અને એ માટેની સામગ્રી મળતી રહેશે...'

આ હતું મારું પ્રથમશરતનું કારણ !

(૨) 'એ મહાત્મા ગોચરી-પાણી-વિનંતિ આદિ કોઈપણ કારણ વિના મારા ઘરે આવે...' આ મારી બીજી શરત હતી.

ગુરુદેવ ! જેમ જેમ જીવનનો અનુભવ કરતી ગઈ, તેમ તેમ મને અનુભવાતું ગયું કે લગભગ દરેક જણ બીજાને મળે છે, બીજા પાસે જાય છે. એ કોઈક ને કોઈક સ્વાર્થથી જ જાય છે. હા ! એ સ્વાર્થ ખરાબ જ હોય, એવું નથી. વિદ્યાર્થી જ્ઞાન માટે ગુરુ પાસે જાય, તો એ સ્વાર્થ સારો છે. સાધુ ભગવંતો ગોચરી-પાણી માટે મારા ઘરે આવે, તો એમનો એ સ્વાર્થ સારો જ છે. હું વિનંતિ કરું તો મારો સ્વાર્થ પણ સારો જ છે... પરંતુ મને મનમાં એમ જ હતું કે જ્યાં આવા સારા કે ખરાબ કોઈપણ સ્વાર્થ વિના સહજ રીતે જ સંબંધ થાય, એ કોઈ પૂર્વજન્મનો ઋણાનુબંધ જ હોય. નેમ-રાજુલ, શ્રીપાલ-મયણા વગેરે વગેરે અનેક પ્રસંગોમાં દેખાય છે કે પૂર્વના ઋણાનુબંધ જ મોટો ભાગ ભજવી ગયા. અને આવા ઋણાનુબંધવાળા જો મને ગુરુ મળે, તો એનો મતલબ એ જ કે પૂર્વભવમાં પણ એ જ મારા ગુરુ રૂપે જ હશે, અને તો પછી આ ભવમાં પણ એમના દ્વારા મારો વિકાસ ઝડપથી થશે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજીએ કુમારપાળમહારાજાને બે થી ત્રણ વાર મરણથી બચાવ્યા, છેવટે એ જ એમના ગુરુ બન્યા... પણ એ બંને વચ્ચે પણ પૂર્વભવનો ઋણાનુબંધ તો હતો જ ને !

બસ, આ માટે બીજી શરત હતી કે 'જે મહાત્મા ગોચરી-પાણી આદિ કોઈ કારણ વિના જ મારા ઘરે આવી ચડે, ન તો એમનો સ્વાર્થ, ન તો મારી વિનંતિરૂપી મારો સ્વાર્થ... તો એ મારા ગુરુ ! કેમકે એમનો મારી સાથે પૂર્વભવનો કોઈક ઋણાનુબંધ હોઈ શકે ને ?'

અને મારી એ શરત આપના થકી પૂરી થઈ ગઈ.

(૩) મારી ત્રીજી શરત હતી 'જે મહાત્મા મારી પવિત્રતાને સ્વયં સમજે, એને મહત્ત્વ આપે.'

ગુરુદેવ ! આ શરત મેં કેમ સ્વીકારી ? એ પાછળ ઘણો લાંબો ઈતિહાસ છે. અનેક પ્રસંગો છે. એમાં બીજા માટે Negative બોલવું પડે એમ છે. એટલે એ

બધું તો આપને બતાવી નહિ શકું. પણ ટુંકમાં કહીશ.

જીવનમાં મને અનેકવાર એવા અનુભવો થયા કે મને તે તે ક્ષેત્રમાં જે જે પુરુષ સ્વરૂપ ગુરુ મળ્યા, તેઓ પાસે તે તે ક્ષેત્રનું જ્ઞાન તો અવ્વલકોટિનું હતું. પરંતુ તેઓની ભાવનાઓ સારી ન હતી. તેઓ પોતાના અંગતજીવનમાં ભલે ગમે તેવા હોય, પરંતુ તેઓ કમસેકમ સામેવાળાની ભાવનાને તો સમજે ને ?

રાવણ મહાપાપી ગણાય છે, મહાસતી સીતાનું એણે અપહરણ કર્યું, પણ છતાં એની પ્રતિજ્ઞા હતી કે 'હું કોઈપણ સ્ત્રી સાથે જબરદસ્તી નહિ કરું. એ જો મને હા પાડશે, તો જ હું એની સાથે સુખ ભોગવીશ.' એટલે કે એ કામી તો હતો, પણ એણે સામેવાળાની ભાવનાને પણ સત્કારી હતી. માટે જ રાવણ સીતા ઉપર બળાત્કાર કરી શકતો હોવા છતાં, પોતાની પ્રતિજ્ઞાના પાલન માટે એણે એવું ન કર્યું.

મારે તો એવા ગુરુ જોઈતા હતા કે જે સ્વયં તો પવિત્ર હોય, પણ એની સાથે બીજાની પવિત્રતાને વધુ સન્માન, વધુ મહત્ત્વ આપનારા હોય.

સામાન્યથી એવું બને કે જેને પવિત્રતા ખૂબ પ્રિય હોય, એ જ બીજાની પવિત્રતાને વધુ મહત્ત્વ આપે ને ? દરેક જણ પોતાની રુચિ પ્રમાણે જ પ્રવૃત્તિ કરે ને ? રાવણ કર્મને પરવશ હતો, એટલે વિકારી હતો. બાકી તો એને પણ પવિત્રતા ગમતી તો હતી જ. જ્યારે મારે તો એવા ગુરુ જોઈતા હતા કે તેઓ સ્વયં પવિત્ર હોય એટલું જ નહિ, પરંતુ પવિત્રતાના માશુક હોય... અને એની ખબર ત્યારે જ પડે કે જ્યારે એ બીજી બધી બાબતોને ગૌણ કરીને બીજાની પવિત્રતાને મહત્ત્વ આપે.

આ કારણ હતું ત્રીજી શરતનું !

અને ગુરુદેવ ! જ્યારે આપે વ્યાખ્યાનમાં આપના શિષ્યના ચશ્મા પહેર્યા વિના વાચના આપવાના ગુણની પ્રશંસા કરી, ત્યારે મને એ પ્રસંગ ખૂબ જ ગમી ગયેલો. એ જ રાતે ઘરે મળવા આવેલા પપ્પા-ભાઈને મેં કહ્યું કે 'ઉપાશ્રયે જઈ એ શિષ્યરત્ન **ગુણપ્રેક્ષી વિ.**ના દર્શન કરજો. એમના ચરણોનો સ્પર્શ કરજો. પણ જો જો, મોટા મ.સા. ગુણરાગી વિ.ને પરેશાન નહિ કરતા. તેઓ આખા દિવસના થાકી ગયા હશે, કદાચ સંથારી ગયા હશે, એમના દૂરથી જ દર્શન કરજો...'

મેં તો આવી સ્પષ્ટ સૂચના આપેલી, છતાં તેઓ ઉપાશ્રયમાં સીધા આપની પાસે જ આવ્યા, આપ જાગતા જ હતા, તેઓ આપની પાસે બેઠા, અને આપને ખબર પડી કે એ મારા પપ્પા અને ભાઈ છે, એટલે તો આપ વરસી જ પડ્યા, મેં તો આપને કોઈ વાત કરી ન હતી, પરંતુ આપે એમને કહેલું કે

'સુલસાબહેનની કુંડળી જોઈ છે, બીજી બધી વાતો છે... પણ સૌથી મહત્ત્વની વાત છે એમના આત્માની પવિત્રતા ! એમની કુંડળી કહે છે કે આ એક અત્યંત પવિત્ર આત્મા છે.'

એ વખતે આપના શબ્દોમાં રહેલું ભારોભાર બહુમાન, આપના શબ્દોમાં છલકતો એ ગુણ પ્રત્યેનો પ્રેમ મારા ભાઈ તારકને સ્પર્શી ગયો. એને મારા પ્રત્યે આમ પણ અતિશય લાગણી છે. માટે જ તો મને દીક્ષા લેતા એણે અટકાવી છે ને ? એટલે મારી આવી પ્રશંસા, મારા પવિત્રતાગુણ માટેની સાંભળીને એ તો અતિશય ખુશ થઈ ગયો.

બે-ત્રણ દિવસ બાદ જ્યારે એ પાછો ઘરે મળવા આવ્યો, ત્યારે એણે જ મને કહેલું કે 'મ.સા. તારા માટે આ પ્રમાણે વાતો કરતા હતા. અને સુલસા ! આ પવિત્રતા જ તારું ઘરેણું છે, એને સાચવી રાખજે.'

મેં એને કહેલું કે 'પણ તમે મોટા મ.સા. પાસે કેમ ગયેલા ? મેં તો ના પાડેલી ને ?' ત્યારે એ કહે 'અમે ગયા ત્યારે એ જાગતા જ હતા, એટલે એમની પાસે બેઠા, અને એમણે આ બધી વાત કરી.'

આ પણ ભગવાનનો સંકેત જ કહેવાય ને કે 'મેં એમને આપની પાસે જવાની ચોક્ખી ના પાડી હોવા છતાં પણ તેઓ આપની પાસે જ આવે, અને આપ એમને આ જ વાત કરો...'

કુંડળીમાં તો ઘણી બધી બાબતો હોય છે. પણ આપે એમાંની પવિત્રતા નામની બાબતને જ મહત્ત્વ આપ્યું અને એ જ વસ્તુ મારા ભાઈને જણાવી... એનાથી મને વિશ્વાસ આવ્યો કે 'આપને આ પવિત્રતા ખૂબ જ ગમે છે, અને આપે મારી પવિત્રતાની ભાવનાને સત્કારી છે.'

ગુરુદેવ ! બીજું બધું જ જતું રહે, એ મંજુર છે. પરંતુ પવિત્રતા જતી રહે એ બિલકુલ મંજુર નથી.

(૪) મારી ચોથી શરત હતી 'એ મહાત્મા મારી નોટ ઉપર પોતાનું નામ લખવાને બદલે મારા ઉપકારી પૂ. સુંદર સૂ.મ.નું નામ લખે.

આ શરત પાછળનું કારણ...

નવતત્ત્વનો અભ્યાસ કરતી વખતે મેં ૨૨ પરિષહોનો પદાર્થ જાણ્યો. એમાં ઉર્વશીબહેને મને શીખવાડેલું કે 'આમાં સ્ત્રીપરિષહ અને સત્કાર પરિષહ જીતવો અઘરો છે. કોઈ આપણો સત્કાર કરે, આપણને માન-સન્માન આપે, એનાથી અહંકાર પ્રગટે જ. આપણે પછી બીજાને સત્કાર ન આપી શકીએ. આપણને આપણો જ સત્કાર ગમે... માટે આ પરિષહને ખાસ જીતવો.'

મને એમની વાત સાચી લાગેલી, મને વિચાર આવેલો કે મારા ગુરુ પણ

આવા જ હોવા જોઈએ. એ સત્કાર પરિષહને જીતનારા બનવા જોઈએ.

પણ એ ખબર કેવી રીતે પડે ?

પછી મેં વિચાર કરેલો કે 'સામાન્યથી આપણી પાસે કોઈ આપણો ફોટો માંગે, ઓટોગ્રાફ માંગે, તો એ આપણને ખૂબ જ ગમવાનું. આપણે હોંશે હોંશે ઓટોગ્રાફ (સહી) આપવાના જ...'

તો હું જે મહાત્મા પાસે એમનો ઓટોગ્રાફ માંગુ, એ મહાત્મા જો પોતાનું નામ લખતા પહેલા જ બીજા મહાત્માનું, બીજી વ્યક્તિનું નામ લખી દે, તો એનો મતલબ એમણે સત્કાર પરિષહને જીત્યો છે. એમણે બીજાને પણ વધુ મહત્ત્વ આપેલું છે... તો એ મારા ગુરુ બની શકે.

હા ! જે મહાત્મા સીધો જ પોતાનો ઓટોગ્રાફ કરી આપે, એ અહંકારી જ છે, એવું નથી. કેમકે એ વખતે એ મહાત્માને બીજાનું નામ લખવાનું કોઈ કારણ જ નથી.

પણ બીજાનું નામ લખનાર માટે તો વિશેષથી સદ્ભાવ થવાની શક્યતા રહે જ ને !

અને આપે એવું જ કરેલું. મારી નવી સ્તવનનોટ આપનું નામ લખાવવા લઈ આવેલી. અને આપે ઉપર સૌપ્રથમ લખ્યું કે 'પૂ.આ.ભ. સુંદરસૂરિજી મ.ને અનંત વંદન.'

આ આપનો સત્કારપરિષહવિજય જ કહેવાય ને ? આ આપની મોટી સિદ્ધિ જ કહેવાય ને ? આવા ગુરુ મળવા બદલ મને ગૌરવ થાય જ ને !

(૫) મારી પાંચમી શરત હતી 'મારા બે ઉપકારીઓ પૂ. સુંદર મ. અને ઉર્વશીબહેનની આપ જાહેરમાં પ્રશંસા કરો...'

આનું કારણ તો સામાન્ય હતું.

જે મહાત્મા મારા ગુરુ બનવાના હોય, એ કમસેકમ મારા પ્રથમ ઉપકારીઓ પ્રત્યે સદ્ભાવવાળા તો હોવા જ જોઈએ ને ? જો પ્રથમ ઉપકારીઓના ઉપકારને એ ગણતરીમાં જ ન લે, તો એ ખુદ મારા ઉપર નવો શું ઉપકાર કરવાના ?

એટલે મેં આ શરત ધારેલી.

જો કે **જાહેર**નો મતલબ મારા મનમાં એ ન હતો કે આખા સંઘની વચ્ચે... બે-ચાર જણાની વચ્ચે પણ એ અનુમોદના કરે, તો મારે મંજુર હતું.

પરંતુ આપે તો પર્યુષણના ત્રીજા દિવસે જાહેરમાં ચતુર્વિધસંઘની હાજરીમાં જ મારી અનુમોદના કરી દીધી. મેં ગહુંલી રૂપે ગીત ગાયું 'મોડું શાને...' અને આપે વિવેચન બાદ ખુશ થઈને પ્રશંસા કરી કે આ બહેનને 'સુદેવ' આદિની

પ્રાપ્તિ કરાવનાર છે પૂ. સુંદર સૂ. મ. ! અને સમ્યગ્જ્ઞાન અને સંસ્કારોની ભેટ આપનાર છે ઉર્વશીબહેન !

ત્યાં એ બંને ઉપકારીઓની કોઈ જ વાત ન હતી, એમના સંબંધી કોઈ પ્રસંગ ન હતો. છતાં આપે એ બેયની પ્રશંસા કરી, એ શા માટે ? અને આપને આવું કેમ સુઝ્યું ? એ હજી ય મને મનમાં નથી ઉતરતું. આ માત્ર પ્રભુની કૃપાનું જ ફળ સમજું છું.

(૬) મારી છઠ્ઠી શરત હતી 'એ મહાત્મા મારા નિમિત્તે આલોચના કરવા તત્પર બને.'

આ શરત પાછળનું કારણ... મારા જીવનની એક દર્દભરી ઘટના છે. ગુરુદેવ ! મિચ્છા મિ દુક્કડં. હું આપને આ વાત સ્પષ્ટ નહિ બતાવી શકું. કેમકે આમાં કોઈકના દોષોનું વર્ણન છે, અને મારે એ બોલવું નથી. એટલી જ વાત કહીશ કે એક વ્યક્તિ મારા માટે પૂજનીય હતી, વંદનીય હતી. મારો આધાર હતી. ઘરમાં બધાની દીક્ષા માટે ના હોવા છતાં એ વ્યક્તિની પ્રેરણા પામીને હું ભાગીને પણ દીક્ષા લઈ લેત, પરંતુ એ વ્યક્તિના વિચારો મારા માટે ગલત નીકળ્યા, એમના અમુક વર્તન ઉપરથી મને એ ખ્યાલ આવ્યો, મને આઘાત લાગ્યો, મેં એમને ઠપકો આપ્યો, એમણે પોતાની ભૂલ મારી સામે તો સ્વીકારી. પણ મને લાગ્યું કે એમને પોતાના પાપનો પશ્ચાત્તાપ ન હતો, એમણે કોઈ સાધુ પાસે પોતાની ભૂલનો સ્વીકાર કરવાનો, આલોચના કરવાનો ભાવ ન હતો. બસ, મારી સામે એમનું પાપ પકડાયું, એટલે સ્વીકાર કરી લીધો.

મારી ઈચ્છા હતી કે 'એ મારા નિમિત્તે પાપમાં પડ્યા છે, તો મારા નિમિત્તે આલોચના કરીને પવિત્ર બને.' પણ એ શક્ય ન બન્યું.

બસ, એ જ વખતે મેં વિચારી લીધું કે

(૧) હું એ વ્યક્તિના માનસિક પાપોમાં નિમિત્ત બની હતી ને, એટલો મારો દોષ તો ખરો જ ને ! એ દોષથી બચવા માટે એ જ વ્યક્તિની આલોચનામાં - શુદ્ધિમાં નિમિત્ત બનવું હતું. જેમ રાજીમતીજી રહનેમિના માનસિક પાપોમાં તો નિમિત્ત બન્યા જ, પણ એ પછી એમની શુદ્ધિમાં પણ નિમિત્ત બન્યા.

હવે એ વસ્તુ તો થઈ ન શકી, તો હું કોઈ એક મહાત્માની આલોચનામાં નિમિત્ત બનું. અલબત્ત, એના માટે એવું તો ન જ ઈચ્છાય કે 'એ મારા નિમિત્તે માનસિક પાપમાં પડે, અને પછી હું નિમિત્ત બનું...'

એટલે મારી શરતમાં તો એટલું જ હતું કે એ મહાત્મા મારા નિમિત્તે આલોચના લેવાના ઉત્સાહવાળા બને. પછી એમના એ પાપો મારા નિમિત્તે

હોવાની કોઈ જરૂર નથી. અને એ પાપો અપવિત્રતાના જ હોવાની પણ કોઈ જરૂર નથી. હિંસાદિસંબંધી પાપોની આલોચના કરવા પણ એ મારા નિમિત્તે તૈયાર થાય, તો મારી શરત પૂરી...

(૨) એ વ્યક્તિને મારા કહેવા છતાં પણ આલોચનાના ભાવ ન થયા, એટલે મને એ ખ્યાલ પણ આવી જ ગયો, કે પોતાના માનસિક પાપો ગુરુ આગળ કહી દેવા અત્યંત અઘરું કામ છે. એમાંય કોઈ શ્રાવક-શ્રાવિકાનું નિમિત્ત પામીને એ ભાવ થવા તો અશક્ય છે. અહંકાર નડે જ. એટલે જો એ મહાત્માને મારું નિમિત્ત પામીને આલોચના કરવાનું મન થાય, તો એનો મતલબ એ જ કે એ મહાત્માના જીવનમાં ભલે નાના-મોટા પાપો હોય, પણ એમને પાપોનો ડંખ છે. એમનામાં સરળતા છે, એમનામાં નમ્રતા છે, માટે જ તો મારા જેવા તુચ્છ સંસારીઓનું નિમિત્ત પામીને પણ આલોચના લેવા તૈયાર થાય છે. અને આવા ગુણો તો મારા ગુરુમાં હોવા જ જોઈએ. માટે મેં આ શરત ધારેલી અને એ આપનામાં પૂર્ણ થઈ. મારા ગીતનું નિમિત્ત પામીને આપે રડતી આંખે જાહેરમાં કહ્યું કે 'પ્રમાદવશ મેં બે વર્ષથી આલોચના નથી કરી. પણ આ બહેનના ગીતના શબ્દોએ મારી આંખ ઉઘાડી છે. હું આલોચના કરીશ.'

અને મારું હૃદય ધબકારા ચૂકી ગયું, કારણ કે અત્યંત કપરી મારી છઠ્ઠી શરત પૂરી થતી હતી. કલ્પનાતીત એ પ્રસંગે મારો આનંદ એટલો બધો વધી ગયો. મારું હૃદય એટલું બધું ભરાઈ ગયું. મારું ગળું એવું તો રુંધાઈ ગયું કે આગળ ગીત બોલવાની મારી કોઈ જ તાકાત ન રહી. એ તો મહામુશ્કેલીથી સ્વસ્થ થઈને માંડ માંડ આગળ ગહુંલી ગીત પૂરું કર્યું.

(૭) મારી સાતમી શરત હતી 'જે મહાત્માને જોઈને મને જીવનનો સૌથી વધારે આનંદ થાય, એ મારા ગુરુ...'

આ શરત પાછળનું કારણ...

(ક) જ્યારે ધર્મની પ્રાપ્તિ થઈ ન હતી, ત્યારે હું બધે જ જતી હતી. ચર્ચમાં પણ ગઈ છું, ત્યાં જઈને ભલે મેં નવકાર ગણ્યા, એ અલગ વાત ! પણ ગઈ છું ખરી... પરંતુ જે દિવસે પૂ. સુંદર મ. પાસેથી મને સુદેવની સાચી સમજ મળી. અને મેં નિશ્ચય કર્યો કે 'હવે આ તીર્થંકર સિવાય બીજું કોઈ જ નહિ', એ દિવસે મને ખૂબ ખુશી થયેલી.

(ખ) એ પછી જ્યારે મેં ૨૪ થી ૨૬ વર્ષની ઉંમર દરમ્યાનમાં પુષ્કળ અભ્યાસ કરેલો, એ પણ અર્થ સાથે કરેલો, ત્યારે પણ મને ખૂબ ખુશી થયેલી.

ગુરુદેવ ! ૨૪ વર્ષની ઉંમર પહેલા મને માત્ર વંદિત્તા સૂત્ર સુધી જ આવડતું હતું. ૨૪માં વર્ષની ઉંમરે મેં પહેલીવાર ચોસઠ પ્રહરી પૌષધ કર્યા અને ત્યારથી

જ ભણવાની ધગશ જાગી.

- બે પ્રતિક્રમણ પ્રબોધટીકાના અર્થ સાથે પૂર્ણ કર્યા.
- પાંચ પ્રતિક્રમણ પણ પ્રબોધટીકાના અર્થ સાથે પૂર્ણ કર્યા.
- ભક્તામર અને કલ્યાણમંદીર પણ બરાબર અર્થ સાથે જ કર્યા.
- ચાર પ્રકરણ + ત્રણ ભાષ્ય + પાંચ કર્મગ્રન્થ ગોખ્યા.
- એમાંથી પ્રકરણો + ભાષ્યો + બે કર્મગ્રન્થ અર્થ સાથે કર્યા.
- જ્ઞાનસાર અર્થ સાથે...
- બૃહત્સંગ્રહણી અર્થ સાથે...
- લઘુક્ષેત્ર સમાસ અર્થ સાથે...
- તત્ત્વાર્થ સૂત્ર અર્થ સાથે... એ મારો પ્રિયતમ ગ્રન્થ હતો, છે.
- વૈરાગ્યશતક અર્થ સાથે...
- ઈન્દ્રિયપરાજયશતક અર્થ સાથે...

લગભગ બે વર્ષમાં બે હજાર ગાથાઓ કરી, એ પણ અર્થ સાથે જ... અર્થ વિના મને મજા ન આવતી. એક એક શબ્દનો અર્થ મારે બરાબર જોઈએ. એ પછી જ હું આગળ વધું. ઉર્વશીબહેન મારી ચીવટ-કાળજી જોઈને બીજાઓને કહેતા કે 'તમે મારી પાસે ભણો કે સુલસા પાસે, બંને સરખું છે. હું જેવું સમજાવું છું, એવું ને એવું જ એ સમજાવે છે.'

આ બધું ભણતી વખતનો મારો આનંદ અપૂર્વ હતો.

આજે પણ મને મારા પુસ્તકો-નોટો માટેનો રાગ વધારે છે. મારા જીવની જેમ એને સાચવું છું. મને ઘરેણા, કપડા વગેરેનો શોખ ખરો, પરંતુ મારી પાસે કોઈપણ વ્યક્તિ કંઈપણ વસ્તુ માંગે, તો હું આપી દઉં છું. મારા શ્રાવક તો મને ઘણી વાર ઠપકો આપે કે 'તારા માટે તો આ પુસ્તકો જ Gold છે. તું તો તારી Friends ઘરે આવે, અને તેઓ તારા સાવ નવા Dresses કે સાડી જોઈને પ્રશંસા કરે, તો એને દાનમાં આપી દે છે. જાણે કે દાનેશ્વરી કર્ણનો અવતાર ન હોય ? હું તારા માટે આ બધું લાવું છું અને તને એની કશી જ પડી નથી...'

હવે તો એમને ખૂબ ગમતા એવા મારા ડ્રેસ, મારી સાડીઓ હું કોઈને આપી ન દઉં, એ માટે અલગ કબાટમાં એ જ ગોઠવી દે છે, અને એની ચાવી પણ પોતાની પાસે જ રાખે છે. બહાર જાય, ત્યારે ચાવી કાં તો લઈને જાય, કાં તો છુપાડીને જાય... પણ મને તો ન જ આપે. સ્પષ્ટભાષામાં ક્યારેક કહી પણ દે કે 'તને જો છૂટ મળે ને, તો તું તો તારી બધી જ વસ્તુઓ આપી દઈ દેવાળું કાઢે, અને મને ય જીવવું ભારે કરી દે...'

જોકે મારા આ સ્વભાવથી એમને ખુશી પણ એટલી જ છે, પણ એ

વ્યવહારમાં જીવે છે. હું એ બાબતોમાં વધારે ધ્યાન નથી આપતી. સોનાના ઘરેણા ખોવાઈ જાય, તો પણ હું શોધતી નથી. અને એક પુસ્તક ખોવાઈ જાય કે ધાર્મિક લખાણવાળું એક કાગળ ખોવાઈ જાય, તો આખું ઘર શોધી નાંખુ.

(ગ) મને આંબિલ કરવામાં પણ ખૂબ ખુશી મળતી. એક ચોમાસામાં મેં સળંગ ૧૨૦ આંબિલ કરેલા. લોકો એમ કહે છે કે 'આંબિલ કરવાથી અશક્તિ આવે...' પણ મને તો એ ૧૨૦ આંબિલ કરવામાં કશી જ તકલીફ ન પડી. ઉલટું મારું શરીર સુધરતું જ ગયું. તેજ વધતું જ ગયું. મને જોઈને લોકો પુછતા કે 'સુલસા ! તું શું ખાય છે ? તારા મોઢા પર તેજ અને શરીરની તાકાત આટલી બધી વધી કઈ રીતે ?'

એ લોકોને ખબર ન હતી કે 'હું આંબિલ કરું છું.' પણ હું એમને આ વાત કરત, તો માની જ ન શકત.

આમ પણ મેં સાંભળ્યું છે કે બ્રહ્મચર્યની નિર્મળતા માટે આંબિલ જરૂરી છે. ઉપયોગી છે. વિગઈઓ વિકાર જગાડનારી છે. આંબિલમાં વિગઈત્યાગ હોવાથી વિકાર નથી જાગતા.

(ઘ) સંગીતમાં, પ્રભુભક્તિમાં પણ મને વિશેષ આનંદ આવતો.

આ બધું જ પામ્યા બાદ અને એનો અંતરથી આનંદ અનુભવ્યા બાદ મને લાગ્યું કે આ બધું મળવા છતાં હજી મને સુગુરુ નથી મળ્યા, એનો મતલબ એ જ કે 'સુગુરુ આ બધી વસ્તુ કરતા પણ દુર્લભ છે.' તો પછી આ ચારેક વસ્તુઓમાં મને જે આનંદ અનુભવાયો, એના કરતા ઘણો વધારે આનંદ સુગુરુને જોઈને અનુભવાવો જ જોઈએ ને ? ૧૦૦ રૂ.ની પ્રાપ્તિમાં જો આનંદ થાય, તો લાખ રૂ.ની પ્રાપ્તિમાં એ આનંદ કેટલો હોય ? એટલે મને સુગુરુ મળ્યાની નિશાની મારા માટે તો આ જ કે આજ સુધીમાં જિંદગીમાં અનુભવેલા તમામ આનંદ કરતા એ સુગુરુના દર્શનથી થયેલો આનંદ ઘણો ઘણો વધારે હોય.

અને ગુરુદેવ ! ઉપરની ચાર બાબતોમાં ધારો કે મેં ૬૦% ખુશી અનુભવી, અને સુગુરુ વખતે મને ૧૦૦% આનંદની કલ્પના હતી, પણ એ આપના એ વખતના દર્શને મને ૧૫૦% કે ૨૦૦% આનંદ થયેલો. એટલે પછી મેં નિર્ણય કરી લીધો કે 'આ જ મારા સુગુરુ ! મારું સર્વસ્વ !'

સુલસાબહેને વાત પૂર્ણ કરી.

ગુણરાગી વિ. બોલ્યા 'આનો મતલબ એ કે તમે ગુરુમાં સાત ગુણોની અપેક્ષા રાખેલી.

(૧) ભાગ્યશાળી હોવા જોઈએ, Lucky હોવા જોઈએ.

(૨) પરોપકારની સાચી ભાવનાવાળા હોવા જોઈએ, નિઃસ્વાર્થભાવવાળા હોવા જોઈએ.

(૩) બ્રહ્મચર્યની નિર્મળતાના પ્રેમી હોવા જોઈએ, અબ્રહ્મની ગંદકીની એમને નફરત હોવી જોઈએ.

(૪) બીજાને પણ ઉચિત સત્કાર આપનારા હોવા જોઈએ. માત્ર પોતાના જ સત્કારની ભૂખ એમને ન હોવી જોઈએ.

(૫) બીજાના ઉપકારીઓને પણ સન્માન આપનારા, એમના ઉપકારને અંતરથી માનનારા હોવા જોઈએ.

(૬) આલોચના કરવાના ભાવવાળા = સરળ હોવા જોઈએ.

ઉપરના છ ગુણો તમે તમારી રીતે જોયા. ચકાસ્યા... પણ એ બધું સાચું જ છે, તમે ક્યાંય ભરમાયા નથી... એની ખાતરી આપનાર વસ્તુ છે અંતિમ શરત ! કે એમને જોઈને તમને વર્ણનાતીત, કલ્પનાતીત પ્રસન્નતા અનુભવાવી જોઈએ.

ચાલો, આ એક આશ્ચર્યજનક ઘટના પૂર્ણ થઈ.

તમે મને ગુરુ તરીકે સ્વીકાર્યો, એ પણ મંજુર...

પણ બહેન ! મારી કેટલીક વાત સાંભળી લો...

(ક) ભવિષ્યમાં તમને બીજા કોઈ મહાત્મામાં મારા કરતા વધારે ગુણો દેખાય, તો તમે ખુશીથી એમને ગુરુ તરીકે માની શકશો. મારા તરફથી તમને છૂટ છે. તમારા જેવા ઉત્તમ આત્મા ગુમાવવાનું મને દુઃખ થશે. પણ તમને મારા કરતા વધારે સારા ગુરુ મળી ગયાનો આનંદ પણ થશે.

(ખ) આ પડતા કાળમાં મારા જેવામાં નાના-નાના અનેક દોષો છે, તમને આજે નહિ, તો કાલે એ દોષો જોવા મળશે જ. મને ખાવાની આસક્તિ છે. મને ક્રોધ પણ આવે છે, હું ગુસ્સામાં નિંદા પણ કરી બેસું છું. હું સ્વભાવથી જીદવાળો છું... આવું આવું તો ઘણું તમને મારામાં દેખાશે. એ દોષોને તમે પચાવી શકશો ? પછી તમને દુઃખ તો નહિ થાય ને, કે 'મેં આમને ગુરુ બનાવીને ભૂલ કરી દીધી...'

જો એવું થાય, તો ત્યારે પણ મારા તરફથી સંમતિ જ છે કે તમે ખુશીથી મારો ગુરુ તરીકે ત્યાગ કરી શકશો.

(ગ) જે દિવસે તમને મારામાં મહાવ્રતોનો ભંગ રૂપ મોટો દોષ દેખાય, તે દિવસે તમે મને છોડી જ દેજો. એ હું તમને સામેથી કહું છું. મહાવ્રતોનો ભંજક સાધુ ગુરુપદ માટે નાલાયક બની જાય છે.

<u>**સુલસાબહેન :**</u> ગુરુદેવ ! આપે જે ત્રણ વાત કરી, એ ત્રણે ય માટેનો મારો

જવાબ પણ આપ સાંભળી લો.

એક વાર લગ્ન કર્યા બાદ પતિવ્રતા સ્ત્રી બીજા કોઈપણ પુરુષનો સ્વીકાર કરતી નથી. એ પુરુષ ગમે એટલો સારો હોય, તો પણ એ સ્ત્રી માટે તો પોતાનો પતિ એ જ પરમેશ્વર !

એમ એકવાર મેં આપને ગુરુ બનાવી દીધા, પછી આપના કરતા ગુણવાન સાધુ મને મળશે ને, તો પણ એમના પ્રત્યે સદ્ભાવ ચોક્કસ થશે, પરંતુ મારા ગુરુપદે તો આપના સિવાય કોઈ જ નહિ બિરાજે. આ ભવમાં તો નહિ જ.

આ છે આપની પહેલી વાતનો ઉત્તર...

હવે બીજી વાત...

લગ્ન બાદ પત્નીને ખબર પડે કે પતિ શરાબી છે, જુગારી છે, ક્રોધી છે... તો પણ પતિવ્રતા સ્ત્રી એને સુધારવા માટેના હજાર પ્રયત્ન કરશે, પણ એને છોડી દેવાનો કે નવો પતિ કરવાનો તો વિચાર પણ નહિ કરે. પોતાના પતિના દોષોને પચાવી જવાની તાકાત એની પાસે હોય છે.

એમ આપના એવા નાના નાના દોષોને પચાવી જવાની તાકાત મારી પાસે છે. એ માટે આપને ગુરુપદેથી દૂર કરું એ આ ભવમાં તો શક્ય નથી જ.

રહી ત્રીજી વાત...

એ મારા જીવનની કઠિન પરીક્ષાનો દિવસ હશે, જે દિવસે આપ કોઈ મોટા દોષમાં ફસાશો... પહેલી વાત તો એ કે પ્રભુએ મને સાડા નવ વર્ષની સાધના બાદ જે ગુરુની ભેટ આપી છે, એ મોટા દોષોના ભોગ નહિ જ બને, એવી મારી શ્રદ્ધા છે.

બીજી વાત એ કે મને મારી પસંદગી ઉપર વિશ્વાસ છે. આખી જીંદગીમાં મેં જે વસ્તુ કે વ્યક્તિ પસંદ કરી છે, એ સારી, ઘણી સારી જ નીકળી છે.

છતાં માની લો કે એવો દિવસ મારી સામે આવે કે જે દિવસે મારા ગુરુ મોટા દોષનો શિકાર બનેલા હોય... તો એ દિવસ મારી પરીક્ષાનો દિવસ હશે.

હું આપને વચન આપું છું કે હું આપને ગુરુ તરીકે તો છોડીશ નહિ જ. પણ મારા ગુરુને મોટા દોષમાંથી બચાવી લેવા માટેની ઘોર સાધના કરીશ. મારા ગુરુને સમજાવીશ, આંસુની અનરાધાર વર્ષા વરસાવીશ, એમની પાસે યાચના કરીશ, હાથ જોડીને કરગરીશ... કોઈપણ ભોગે મારા ગુરુને મોટા દોષમાંથી બચાવીશ.

ગુરુદેવ ! આપે મને જે આત્માનંદ આપ્યો છે, એ આપના ઉપકારનું ઋણ ચૂકવવાનો અવસર એ જ હશે.

એ માટે મારે સળંગ ઉપવાસો કરવા પડશે, તો મંજુર છે.

એ માટે મારે સેંકડો આંબિલો કરવા પડશે, તો મંજુર છે.

એ માટે મારે જે કરવું પડશે, તે મંજુર છે...

પરંતુ મારી જીંદગીના છેલ્લા શ્વાસ સુધી હું મારા ગુરુને મોટા દોષમાંથી બચાવવાની મહેનત કરીશ.

અરે, મારા જીવતા હું સફળ ન બનું, પણ મારું મોત જોઈને પણ જો મારા ગુરુમાં પરિવર્તન આવે, એ મારા ભોગની કિંમત કરે તો હું મારું મોત સફળ માનીશ.

ગુરુદેવ ! ગુરુના ઉપકારનો બદલો ચૂકવવા માટે એક મોતનો સ્વીકાર એ તો ઘણો સસ્તો વ્યાપાર છે. બાકી તો અનંતા ભવોથી પણ ગુરુના ઉપકારનો બદલો ક્યાં ચુકવી શકાય છે ?'

ભાવધારામાં ચડી ગયેલા સુલસાબહેનના પ્રત્યેક શબ્દોમાં સમર્પણભાવની સરગમ સંભળાતી હતી, ખુમારીના પડઘા સંભળાતા હતા, સચ્ચાઈનો રણકાર સંભળાતો હતો. ગુણરાગી વિ.ના નેત્રોમાં તો શ્રાવણ-ભાદરવાનો વરસાદ ચાલુ થયો. એક આંખે એ બહેનની ગુણવત્તાની અનુમોદનાના આંસુ હતા, અને બીજી આંખે પોતે પોતાના ગુરુ પ્રત્યે આના ૧૦% જેટલું પણ સમર્પણ ન રાખ્યું હોવાના પશ્ચાત્તાપના આંસુ હતા. એમને એમનો પોતાનો આત્મા જ ડંખતો હતો કે 'શું હક છે તને આ બહેનના ગુરુપદે બિરાજમાન થવાનો ? સુલસાના ગુરુ મહાવીર કે ગૌતમ જ હોઈ શકે. જમાલિ કે ગોશાળો નહિ....'

પણ એ કંઈ ન બોલ્યા. કંઈ ન બોલી શક્યા...

ગુરુદેવ ! સુગુરુની પ્રાપ્તિ નિમિત્તે મારે એક અભિગ્રહ લેવો છે.

હું આખી જીંદગી એકાંતરે છ વિગઈનો મૂળથી ત્યાગ કરવા માંગું છું. આપે એકવાર વ્યાખ્યાનમાં કહેલું કે 'કમસેકમ એટલી બાધા તો લો કે જ્યાં સુધી જીવનમાં દીક્ષા ઉદયમાં ન આવે, ત્યાં સુધી ભાવતી વસ્તુ નહિ વાપરવી.'

મારે તો ગુરુની પ્રાપ્તિ થઈ છે, એ માટે વિશિષ્ટ અભિગ્રહ લેવો જ જોઈએ. આખી જીંદગી માટે છ વિગઈ છોડવાની શક્તિ નથી. અને ઘરેથી શ્રાવક પણ હા ન પાડે. પરંતુ એકાંતરે છ વિગઈત્યાગ તો કરી શકાય.

એમાં કોઈક સપ્તાહમાં ધારો કે શ્રાવકના આગ્રહથી ચાર દિવસ વિગઈ વાપરવી પડે, તો બીજા સપ્તાહમાં ચાર દિવસ વિગઈત્યાગ અને ત્રણ જ દિવસ વિગઈ વાપરવાની... એ રીતે બધું સેટ કરી દઈશ.

ક્યારેક શ્રાવક સાથે બહારગામ જવાનું થાય, તો એ દિવસો દરમ્યાન આપની સંમતિપૂર્વક છૂટ્ટી રાખીશ.

બસ, બાકી આખી જીંદગી માટેની આ પ્રતિજ્ઞા મારે લેવાની છે.

મારી આ સદ્‌ગુરુપ્રાપ્તિની સાધનાની દાસ્તાન અહીં પૂરી થાય છે.

હવે મારે આપના બતાવેલા રસ્તે આગળ વધવું છે. પરિવારની પરિસ્થિતિના હિસાબે હું દીક્ષા તો નહિ લઈ શકું, જો શ્રાવક હા પાડે, તો કોઈપણ પળે દીક્ષા લેવાની તૈયારી છે જ, પણ એ શક્ય નથી. તો સંસારમાં રહીને મારે આપના દર્શાવેલા રસ્તે ચાલવું છે.'

'સુલસાબહેન !'

તમારી પાસેની બે શક્તિઓ એવી છે કે જે તમારા માટે અને હજારો માટે ઉપયોગી થાય એવી છે...

તમારી પાસે સુસ્વર છે. તમે શાસ્ત્રીય સંગીત શીખ્યા છો. તો એક કામ કરજો. આપણા પ્રાચીન સ્તવનો સેંકડોની સંખ્યામાં છે, અતિ-અદ્‌ભુત છે, પરંતુ એ ધીમે ધીમે ભૂલાતા જાય છે, કારણ કે લોકોને એનો રાગ અને અર્થ નથી આવડતો. આમાં અર્થ લખવાની જવાબદારી તો અમે નિભાવી લઈએ, પરંતુ એ દરેક પ્રાચીન સ્તવનો-સજ્ઝાયોમાં શાસ્ત્રીય સાચો રાગ બેસાડવાનું કામ આપ કરી શકો. તમારી પાસે તો સાધનો છે. એ રાગ મ્યુઝિક સાથે ગાઈને રેકોર્ડીંગ પણ કરી શકો. અને એ રીતે એ પ્રાચીન સ્તવન-સજ્ઝાય હજારો-લાખો સુધી પહોંચશે, રાગ આવડશે, તો લોકો એ અણમોલ ખજાનાને સ્વીકારશે, નહિ તો નવા જમાનાના ગમે તેવા ભક્તિગીતો ગાયા કરશે.

મહાપુરુષોની અદ્‌ભુત રચનાઓની સુરક્ષા-વિકાસ... એ તમારી સ્વરશક્તિ દ્વારા કરવાના છે... આ છે પ્રથમ કાર્ય !

તમારી પાસે બીજી શક્તિ છે જ્ઞાનશક્તિ ! માત્ર બે જ વર્ષમાં તમે કેટલું બધું ભણી લીધું... તમારી પાસે હજી સમય છે. ઉંમર છે માત્ર ૩૩ ! તમે બરાબર ભણવા લાગો, સંસ્કૃતની બે બુક ભણી લો, પછી સંસ્કૃત વાંચન કરો... હું ચોક્કસ માનું છું કે માત્ર બે વર્ષમાં તો તમે એટલા બધા સમર્થ બની ગયા હશો કે તમે સાધ્વીજીઓને ભણાવી શકશો. તમે દીક્ષા ભલે ન લઈ શકો. પરંતુ દીક્ષા લઈ ચૂકેલાઓને દીક્ષાજીવનમાં સ્થિર કરવાનું અદ્‌ભુત કામ કરી શકશો. તમારી પાસે ભવિષ્યમાં સેંકડો સાધ્વીજીઓ ભણી ચૂક્યા હશે. આ મારી ભાવના છે. એ તમારે સાકાર કરવાની છે. તમારી પવિત્રતા, તમારું સમ્યક્ત્વ... એ જો મારા જેવા માટે પણ ઉપયોગી છે. તો સેંકડો સાધ્વીજીઓ માટે તો ચોક્કસ ઉપયોગી થશે જ. પણ, એ માટે તમારે પુરુષાર્થ કરવો પડશે. બે-ત્રણ વર્ષ સખત-સતત ભણવું પડશે.

હા ! તમારા શ્રાવકની પ્રસન્નતા જાળવીને જ કરવાનું છે...

બોલો, છે મંજુર મારી વાત ?

**સુલસાબહેન :** હા, ગુરુદેવ ! હું તરત જ સંગીતના ક્લાસ ચાલુ કરી દઈશ અને બીજું ભણવાનું પણ જલ્દીમાં જલ્દી ચાલુ કરવાની ભાવના છે. પણ ભણાવનાર મળવા જોઈએ ને ?

ગુરુદેવ ! દિવાળીના દિવસે સુદેવે વિદાય લીધી, અને તરત બેસતા વર્ષના દિવસે ગૌતમસ્વામીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ, એટલે કે એ દિવસ જ સુગુરુની પ્રાપ્તિનો દિવસ સમજીને હવે એ દિવસે જ આપનું ગુરુપૂજન કરીને વંદનાદિ કરીને આપની ગુરુપદે સ્થાપના કરીશ. જો કે મનથી તો સ્થાપના ક્યારનીય થઈ ચૂકી છે. જન્મવાંચનના દિવસે જ !

– X – X –

અંતે...

૨૫૦૦ વર્ષ પહેલાનો ઈતિહાસ યાદ આવે છે. એ વખતે પ્રભુએ અભિગ્રહ લીધેલો. અને એ અતિકપરો અભિગ્રહ ચંદનબાળાના હાથે પૂરો થયો હતો.

આજે ઈતિહાસનું સાવ નાનું પણ પુનરાવર્તન થઈ રહ્યું હોય, એવું લાગે છે. કેમકે આજે અભિગ્રહ લીધો છે, એક શ્રાવિકાએ અને એ અતિકપરો અભિગ્રહ એક સાધુ દ્વારા પૂરો થયો છે.

સાવધાન ! આ વાંચનારાના મનમાં જો ઈર્ષ્યાભાવ જાગશે, તો એ આવા સુંદર પ્રસંગમાંથી પણ કંઈક ને કંઈક ભૂલ કાઢશે, પણ એમાં એને શું મળવાનું ? એને બદલે જે ઉદાર બનીને આ પ્રસંગ વાંચશે, એને તો અહોભાવ ઉભરાશે, એની આંખો છલકાશે, એનું હૃદય ખૂલી જશે. એને ઘણી સાચી સમજ પ્રાપ્ત થશે.

કારણવશ અહીં શ્રાવિકાબહેનનું, સાધુનું, શહેરનું નામ બદલી નાંખ્યું છે... કારણ કે ઉત્તમ આત્માઓ સાચી બાબતનો લાભ ઉઠાવે, પરંતુ કેટલાક વ્યક્તિઓ એનો Missuse પણ કરી દે... અને એ થવા દેવું યોગ્ય નથી.

નીચે એક સરનામું આપવામાં આવે છે. તમને જો આ બધા પાત્રો ખરેખર જાણવાની તીવ્ર ઈચ્છા હોય, તો એ સરનામા ઉપર પત્ર લખશો... એમને આપના પત્રના લખાણ ઉપરથી ઉચિત લાગશે, તો આપને જણાવશે... નહિ તો નહિ.

મોબાઈલ નં. જાણી જોઈને નથી આપ્યો, કેમકે મોબાઈલ કરીને પુછનારા તો ઘણા મળી જાય... અમારે એ રીતે જવાબ નથી આપવો. જેને ખૂબ ઉત્કંઠા હશે, તે કાગળ લેશે, બોલપેન લેશે, ભાવપૂર્વક પત્ર લખશે, કવરમાં પેક કરશે, પોસ્ટ/કુરિયર કરશે... આ બધી મહેનત તે જ કરશે, જેને સાચી ઈચ્છા હશે...

બીજી વાત, સુલસાબહેનના આટલા બધા ગુણો સાંભળીને એમ કલ્પના

નહિ કરી લેતા કે 'એમનામાં કોઈ દોષો હશે જ નહિ...' આ કલિકાલમાં તો એક એક વ્યક્તિમાં હજારો દોષો પડેલા જ છે. પણ, આપણે તો ગુણોની અનુમોદના કરનારા બનવું છે.

જેઓ કોઈકના ગુણો સાંભળીને કે જોઈને વધારે પડતી કલ્પના કે અપેક્ષા બાંધી બેસે છે, તેઓને ભવિષ્યમાં દુઃખી થવાનો વારો આવે છે. કેમકે તેઓએ એ તૈયારી રાખી જ નહિ કે ગુણોની સાથે દોષો પણ હોવાના જ. અને એ આજે નહિ, તો કાલે તો દેખાવાના જ... દોષો પહેલેથી હતા જ. પણ એ પહેલા દેખાયા ન હતા...

ત્રીજી વાત,

'ગુણરાગી વિ. મહાન સુગુરુ છે.' એવું આ દૃષ્ટાન્ત ઉપરથી માની નહિ લેતા.

એટલે કે એવો વિચાર નહિ કરતા કે 'સાત સાત શરતો જે મહાત્મા દ્વારા પૂરી થઈ, એ તો ઘણા જ મહાન હશે...'

આવું નહિ માનવાનું કારણ એટલું જ કે પૂર્વભવમાં કદાચ એ જ મહાત્મા સુલસાબહેનના ઉપકારી બન્યા હોય... તો આજે એ ઋણાનુબંધના કારણે બધી શરતો તેમનામાં જ પૂરી થઈ એ બની શકે છે. એમના કરતા ૧૦ ગુણા સારા મહાત્મા દ્વારા પણ એ શરતો પૂરી ન થાય. કેમકે સુલસાબહેનનો એમની સાથે ઋણાનુબંધ ન હોય... એટલે ફરી આ વાત સ્પષ્ટ કરી જ લેજો કે ગુણરાગી વિ. કોઈ જોરદાર વિભૂતિ છે, એવું નથી. એ સાધુ છે, સારા છે... પણ એમના જેવા અને એમના કરતા ચડિયાતા બીજા અનેકાનેક સાધુઓ પણ છે જ...

ચોથી વાત,

કુદરત સંકેત આપ્યા વિના રહેતી નથી. ચોમાસાનો પ્રવેશ અષાઢ સુદ-૯નો થયો, ત્યારથી માંડીને આ અભિગ્રહ પૂરો થયો, ત્યાં સુધી લગાતાર ૬૦ દિવસ સુધી સુલસાબહેનના ઘરે દૂધમાં ઉભરો આવતો જ રહ્યો અને દરરોજ પા-અડધો લીટર દૂધ ઢોળાઈ જતું. એક દિવસ પણ બાકી નહિ. પહેલા ક્યારેય આવું ન બનતું. અને હવે લગાતાર, એક પણ દિવસના ખાડા વિના દૂધ ઉભરાઈને ઢોળાય, એટલે કે આવું સુંદર શુકન થાય, મંગલ થાય... એ કુદરતનો સંકેત જ એમ સુચવે છે કે આ સુલસાબહેનના ઘરે પ્રસન્નતાનો ઉભરો એટલો બધો આવવાનો છે કે 'એ માત્ર એમની ઘર રૂપી તપેલીમાં નહિ સમાય, અને ચારે બાજુ એ પ્રસન્નતા ઢોળાશે, રેલાશે, ફેલાશે...'

શકુનશાસ્ત્ર ઉપરની શ્રદ્ધા વધી જાય,

'ભગવાન નામનું કોઈક તત્ત્વ છે.' એ વાત પરની શ્રદ્ધા વધી જાય,

'ભાવો સારા હોય, તો ફળ મળે જ છે.' એ પદાર્થ પરની શ્રદ્ધા વધી જાય,

'દેવ-ગુરુ-ધર્મ સિવાય કશું જ મહાન નથી.' એ પદાર્થ પરની શ્રદ્ધા વધી જાય...

એવા આ સુલસાબહેનના પ્રસંગો જાણીને, સાંભળીને, વાંચીને અંતરથી એમને લાખ લાખ વંદન કરજો.

પ્રભુ ! આવા ખેલ ખેલનાર તને તો અનંતા વંદન !

– X – X –

## સુલસાબહેનની કેટલીક વિશેષતાઓ

(૧) પરમાત્મા મહાવીરદેવની સુશ્રાવિકાઓમાં અગ્રેસર નંબર ધરાવનાર સુલસા શ્રાવિકા પોતાના સમ્યક્ત્વ માટે જૈનશાસનમાં અતિપ્રસિદ્ધ છે. ભરહેસરમાં રોજ પવિત્ર મહાસતીનું નામ લેવાય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આવ્યા... આખું રાજગૃહી એ જોવા ગયું, પણ સુલસા ન જ ગઈ. છેવટે પચ્ચીસમા તીર્થંકર આવ્યા, સમવસરણની રચના થઈ, બધાએ કહ્યું કે 'સુલસા ! હવે તો ચાલ... આ તો તારા જ ભગવાન છે.' ત્યારે પણ સુલસાએ ખુલ્લા શબ્દોમાં જવાબ આપી દીધો 'અવસર્પિણીમાં ચોવીસ જ તીર્થંકરો થાય, પચ્ચીસમા હોય જ નહિ. આ ભગવાન મહાવીરનું વચન છે. એટલે આ પચીસમા તીર્થંકર તો કોઈ દેવ વગેરેની માયાજાળ જ છે. માટે હું નહિ આવું...'

આ હતી સુલસામાં સમ્યગ્દર્શનની દઢતા ! જિનવચનની શ્રદ્ધા !

આપણે વર્તમાનકાળના સુલસાબહેનની વાત કરીએ...

છેલ્લા બે વર્ષથી તો શારીરિક નબળાઈ ઘણી વધારે... કંઈ ને કંઈ તકલીફો ચાલુ જ...

ગુણરાગી વિ. ને ખબર પડી. એમને થયું કે એકવાર એમની કુંડળી દેખાડવી જોઈએ... અને એમણે કુંડળી સામેથી માંગી.

આજે સંસારીઓ સાધુ પાસે સંસારના દુઃખોથી ત્રાસીને કુંડળી બતાવવા સામેથી દોડી જતા હોય છે, માટે જ તો જ્યોતિષના નામે કેટલાક સાધુઓનો પણ વેપાર ચાલતો રહે છે. ભક્તોની લાઈન લાગતી હોય છે...

એની સામે અહીં તો સાધુએ સામેથી કુંડળી માંગી, પણ એમની ઈચ્છા ન હતી કે શરીરના રોગ માટે હું કુંડળી બતાવું...

મુનિને એમની દઢતાનો એ વખતે ખ્યાલ ન હતો. અને એમની ભાવના એ જ હતી કે 'આવા ઉત્તમ શ્રાવિકા જો નીરોગી હોય, તો સારામાં સારી આરાધના કરી શકે. જોરદાર ભણી શકે.'

છેવટે મુનિએ આગ્રહ કર્યો, ત્યારે સુલસાબહેને કુંડળી આપી... ગુણરાગી વિ.ના શિષ્ય ગુણસ્નેહી વિ. એ કુંડળી જોઈ... અને કહ્યું કે 'આ બહેન કોઈ દેવ-દેવીને ભલે ન માને, પણ માત્ર કુલદેવીનો ફોટો ઉચિત સ્થાને મૂકે એ જરૂરી છે...'

સુલસાબહેને જવાબ આપ્યો કે 'મારા શ્રાવકે તો ઘણા ફોટા રાખ્યા છે, પણ મેં એકપણ એવા ફોટા રાખ્યા નથી. દેવ-દેવીના તો નહિ જ, પણ કુળદેવીનો પણ નહિ...'

મુનિએ સમજાવ્યું કે 'જુઓ, બહેન ! તમે બિમાર પડો, તો ડોક્ટર પાસે તો દવા લેવા જાઓ જ છો ને ? પણ તમે કંઈ ડોક્ટરને ભગવાન થોડા જ માનો છો ? એટલે ત્યાં કાંઈ મિથ્યાત્વ નથી લાગતું. એમ આરોગ્ય નિમિત્તે ધારો કે તમે ઘેર કુળદેવીનો ફોટો મૂકો, તો એમાં તમે કંઈ એને ભગવાન માનીને થોડા જ મૂકો છો ? એટલે આટલું અમારું માનજો...'

ગુણસ્નેહી વિ.એ બીજી વાત કરી કે 'એ ઉપરાંત પાર્શ્વનાથ ભગવાનની સામે રોજ ૯ ગ્રામ ઘીનો દીવો અને નવપુષ્પોથી પૂજા કરવી...'

બહેને હા પાડી, થોડા દિવસ બાદ મુનિએ પુછેલું કે 'ફોટો-ફુલ-ઘી બધું કર્યુ છે ?' એમણે હા પાડી દીધી.

પરંતુ સાત શરતોના ખુલાસા બાદ એમણે સાચી વાત દર્શાવી દીધી 'ગુરુદેવ ! ક્ષમા કરજો. મેં મારા ઘરે નથી તો કુળદેવીનો ફોટો મુક્યો, નથી તો ભગવાન સામે ફુલ-ઘીનું અનુષ્ઠાન કર્યું.'

'કારણ ?'

'હું કુળદેવીને માની જ શકતી નથી. મને મારો આત્મા ડંખે છે.

'પણ ભગવાન સામે ફુલ-ઘી...'

'ગુરુદેવ ! ભલે એ બધુ ભગવાનની જ ભક્તિરૂપે છે, પરંતુ એની પાછળનું લક્ષ્ય તો મારા આરોગ્ય માટેનું જ છે ને ? હું પ્રભુ પાસે એ માંગી જ નથી શકતી. શરમ આવે છે મને આવી તુચ્છ ચીજ પ્રભુ પાસે માંગતા ! આ તો બધા કર્મના ખેલ છે, અને મારું મન દૃઢ છે...

આપને મેં ત્યારે ખોટો જવાબ આપેલો, એ બદલ ક્ષમા માંગું છું. અને આપની વાત મેં ન માની. ન માની શકી એ માટે પણ ક્ષમા માંગું છું.

ગુણરાગી વિ.તો આ બધી અજબગજબની વાતોને સાંભળી જ રહ્યા.

આજે સંસારના સુખોની પ્રાપ્તિ માટે શંખેશ્વર પાર્શ્વનાથ પાસે કે બલસાણા વિમલનાથ પાસે જનારાઓ હજારોની સંખ્યામાં છે.

એનાથી જરાક નીચા ઉતરો, તો માણિભદ્રજી, નાકોડા ભૈરવજી,

પદ્માવતીજી, ઘંટાકર્ણજી, વગેરે વગેરે જૈન દેવ-દેવી તરીકે પ્રસિદ્ધ એવા દેવતાઓ પાસે સંસારના સુખોની યાચના કરવા માટે જનારા જૈનો લાખોની સંખ્યામાં છે.

કુળદેવીને ન માનનારા જૈનો તો બહુ જ ઓછા જોવા મળશે.

એનાથી જરાક નીચા ઉતરો, તો ગણપતિજી, શીરડીના સાંઈબાબા, સંતોષીમાતા, અજમેરની દરગાહ... વગેરે વગેરેને માનનારા, સંસારના સુખો માટે માનનારા જૈનો પણ પ્રાયઃ લાખોની સંખ્યામાં હશે.

લાખો જૈનોના ઘરે ભગવાનના ફોટાની સાથે સાથે જૈન દેવ-દેવીઓના, કુળદેવીના અને છેલ્લે અજૈન દેવદેવીઓના ફોટાઓ, મૂર્તિઓ જોવા મળશે.

જેઓ રોજ અષ્ટપ્રકારી પૂજા કરનારાઓ છો...

જેઓ રોજ એક-બે-ત્રણ સામાયિક કરનારાઓ છે...

જેઓ રોજ પ્રવચનાદિ સાંભળનારાઓ છે...

જેઓ પર્યુષણાદિમાં મોટા ચડાવાઓ લેનારા છે...

જેઓ અંજનશલાકા, પ્રતિષ્ઠા, સાલગીરી વગેરેમાં કરોડો ખર્ચનારા છે,

જેઓ તે તે ગુરુના પરમભક્તો તરીકે પ્રસિદ્ધ છે...

જેઓ છ'રિપાલિત સંઘ, ઉપધાન, ચાતુર્માસ આદિ મોટા કાર્યો કરી ચૂકેલા છે...

જેઓ પોતાના સંતાનોને દીક્ષા પણ આપી ચૂક્યા છે...

આવા આવા આરાધકોના ઘરે પણ જો નજર કરશો તો એમના મંદિરમાં માત્ર સુદેવ અને સુગુરુ જ નહિ, એ સિવાય પણ ઘણું મળશે... અને એ બધું રાખવા પાછળનો એમનો આશય ચકાસશો તો પ્રાયઃ સંસારના કોઈ ને કોઈ સુખોની અપેક્ષા જ હશે. એ સુખોને તેઓ ભલે 'શાંતિ-સમાધિ' એવું નામ આપે, એટલે કે ભલે તેઓ એમ બોલે કે 'ઘરમાં શાંતિ-સમાધિ રહે, એ માટે જૈન દેવ-દેવીઓ, કુળદેવી કે અજૈન દેવ-દેવીઓને બેસાડેલા છે.' પણ એ શાંતિ-સમાધિ શબ્દનો ઉંડે ઉંડે અર્થ તો એ જ છે કે 'ઘરમાં સંપત્તિ ટકી રહે, ઝઘડાઓ ન થાય, સમૃદ્ધિ વધે...'

એ દેવી-દેવતાઓ ખરાબ નથી, આ આરાધકો પણ ખોટા નથી.... પણ આરાધકોની એ દેવ-દેવીઓ પ્રત્યેની ભાવનાઓ ખોટી છે.

કોઈ ચોર પ્રભુપ્રતિમાને ચોરે, તો ન તો ચોર ખરાબ છે, ન તો પ્રતિમા ખરાબ છે, ખરાબ છે ચોરની ચોરી કરવાની ભાવના !

આ જ જૈનોએ દેવ-દેવી પાસે માત્ર એટલી જ અપેક્ષા રાખી હોત ને કે 'અમારે મોક્ષ જ જોઈએ છે, એ માટે ધર્મ જોઈએ છે. એ ધર્મ કરવામાં જો કોઈ

વિઘ્ન આવે તો એ દૂર કરજો. સંસારના સુખોમાં તો વિઘ્નો આવે એ સારું, જેથી એ સુખોની મજા જ બગડી જાય...' તો તો હજી ય વાંધો ન હતો.

પણ કયા અને કેટલા જૈનો પાસે આવી પરિપક્વ ભાવના હશે ?

નાની નાની વાતોમાં દેવ-દેવીની માનતા માનનારા, અંધશ્રદ્ધા-શંકા-કુશંકાના કારણે સેંકડો કિ.મી. દૂર પોતાના ગામડે કુળદેવી વગેરે પાસે સ્પેશ્યલ જઈને એને પ્રસન્ન કરવા માટેની કુચેષ્ટા કરનારા આજે લાખોની સંખ્યામાં જૈનો છે.

શું દુઃખો વખતે કર્મના સિદ્ધાંતનો વિચાર કરવાની સદ્બુદ્ધિ એમની પાસે નથી ?

શું માત્ર પ્રભુ અને ગુરુ સિવાય ક્યાંય નહિ જવાની દૃઢ ટેક એમની પાસે નથી ?

શું કરોડોપતિ હોવા છતાં ભિખારીની જેમ ભીખ માંગનારાઓ જૈનસંઘમાં શોભાપાત્ર છે ?

શું પામ્યા આ જૈનો ?

શું પમાવ્યું અમે સાધુઓએ ?

માસક્ષમણની આરાધના નિર્વિઘ્ને પૂરી કરવા માટે કોઈ માતાજીને ચૂંદડી ઓઢાડવા જનાર આરાધકોની માનસિક પરિસ્થિતિનું મૂલ્યાંકન શી રીતે કરવું ?

શું તપની આરાધના સમ્યગ્દર્શન કરતા મહાન છે ? નથી જ ને ? તો પછી સમ્યગ્દર્શનને નબળું સમજનારા એ તપસ્વીઓના તપની અનુમોદના શું કરવી ?

મને તો લાગે છે કે

(૧) સુદેવ-સુગુરુને જ માનવા, અને ત્યાં મોક્ષ જ માંગવો, ગુણ માંગવા, દોષનાશ માંગવો.

(૨) ધર્મ કરવામાં આવતા વિઘ્નોનો નાશ પણ સુદેવ-સુગુરુ પાસે જ માંગવો. ધર્મ કરવા માટે જરૂરી સાંસારિક અનુકૂળતાઓ સુદેવ-સુગુરુ પાસે જ માંગવી.

(૩) સુગુરુના માર્ગદર્શન હેઠળ શાસનના દેવ-દેવી આદિની આરાધના કરવી... પણ એમાં સુગુરુનું માર્ગદર્શન અવશ્ય હોવું જ જોઈએ. એમની રજા લઈને જ કુળદેવી વગેરેને પણ માનવા પડે, તો માનવા.

ધન્યવાદ છે કે ક્રિશ્ચનસ્કુલમાં ભણવા છતાં પણ, નવા જમાનામાંથી જીવીને આવેલા છતાં પણ, શિક્ષિત-શહેરી-શ્રીમંત હોવા છતાં પણ આ સુલસાબહેન ન તો કુળદેવીને માનવા તૈયાર કે ન તો પ્રભુ પાસે પણ શરીરના આરોગ્ય માટે

દીવો કરવા કે પુષ્પો ચડાવવા તૈયાર !

આવું સત્ત્વ ભલે બધાનું ન હોય, પણ આવો આદર્શ તો બધા રાખી શકે.

(૨) સુલસાબહેને કુળદેવી વગેરેની વાતનો અસ્વીકાર તો કર્યો જ. પણ કોઈકે એમને કહ્યું કે 'નજીકની હોસ્પિટલમાં ૮૦ વર્ષના વૃદ્ધ ડોક્ટર કેસરીલાલ છે. આજુ બાજુની પ્રજા એમને ભગવાન માને છે. ગુણરાગી વિ.ના શિષ્યોને ત્યાં જ દાખલ કરેલા, અને એમને તરત સારું થઈ ગયેલું. તમે ત્યાં જાઓ...'

પણ જ્યારે એ ન માન્યા, ત્યારે હિતેચ્છુ સલાહકાર એમને લઈને મુનિ પાસે આવ્યા, 'સાહેબ ! આમને સમજાવો...'

અને છેવટે મુનિની સૂચનાથી એકવાર ગયા તો ખરા, પણ એ બાદ ન તો એમણે દર્શાવેલા કોઈ રીપોર્ટ કઢાવ્યા કે ન તો એમની આપેલી દવાઓ લીધી... જ્યારે આ વાત પકડાઈ ગઈ, ત્યારે પ્રસન્નતા સાથે એક જ જવાબ 'સુગુરુની પ્રાપ્તિ થઈ ગયા બાદ હવે સહજ રીતે જ તબિયત સુધરવા લાગી છે. મારે દવા લેવાની શી જરૂર ? મને ઈચ્છા જ નથી થતી. ઘરે બેઠા બેઠા સહજ રીતે જે થાય, એ જ સરસ...'

(૩) એમને ઓળખનારા બીજા બહેનોએ કહ્યું 'મ.સા. ! જ્યારે આ પાઠશાળામાં ભણતા હતા, ત્યારે દરેક પરીક્ષામાં એ જ પ્રથમનંબર લાવતા. અરે, એમના માર્કસ કઈ રીતે કાપવા, એ મોટો પ્રશ્ન હતો, ૧૦૦માંથી ૯૯ કરવા માટે મહેનત કરવી પડે, એવું ઉત્તરપત્ર લખતા. અને દર વખતે એમને મોટી પ્રભાવના Prize મળતી...'

ત્યારે સુલસાબહેને જવાબ આપેલો કે 'હા ! ઘણી બધી Prize મળતી હતી, પણ સમજ આવ્યા બાદ મેં દરેક Prize મારા કોઈ ને કોઈ ઉપકારીઓને જ ભેટ આપી હતી. તેઓ મને કહેતા કે 'સુલસા ! આ બરાબર નથી. મહેનત તેં કરી છે. પ્રભાવના તને મળી છે, એના હકદાર અમે નથી.'

પણ હું જીદ કરતી 'આ છેલ્લીવાર... પછી નહિ...' એમ કહી કહીને મેં ક્યારેય છેલ્લીવાર આવવા જ દીધી નહિ. તમામ પ્રભાવનાઓ ઉપકારીઓને સોંપી દીધી. મને સંતોષ થતો. મારા પરમોપકારીઓને હું આના કરતા વધારે બીજું તો શું આપી શકું ? એમણે મને અમૂલ્ય ગુણો આપ્યા છે. એની સામે મારી પ્રભાવનાની કિંમત કંઈ જ નહિ.

એકવાર મુંબઈથી લેવાતી દંડકની પરિક્ષામાં મારું ઉત્તરપત્ર જોઈને એ સંસ્થા વાળા અત્યંત ખુશ થઈ ગયેલા, એ જ વર્ષે અમારી પાઠશાળા તરફથી મને આખા વર્ષની સૌથી ઉત્તમ વિદ્યાર્થિની તરીકે સીલ્વર મેડલ મળેલું. હું એ લઈને દોડતી દોડતી ઉર્વશીબહેન પાસે ગઈ, તેમના હાથમાં એ મેડલ મૂકી દીધું.

'મને મળેલી આ Prize આપને જ આભારી છે...' મેં કહેલું. પણ એ વખતે લાડપૂર્વકની કડકાઈ સાથે એમણે મને ચોક્ખી ના પાડી દીધી, 'આ હું નહિ જ લઉં...' બસ, એ એક Prize હું મારા ઉપકારીઓને ન આપી શકી."

કેટલીકવાર આ બધું સાંભળીને આશ્ચર્ય પણ થાય છે. સંઘની પાઠશાળામાં શિક્ષક કે શિક્ષિકા ભણાવે તો છે, પરંતુ શ્રીસંઘ પણ એને કેટલો પગાર આપે ? પંદરસો ? બે હજાર ? પાંચ હજાર ? અને પેઢીના વહીવટ સંભાળનારને કેટલો પગાર ? પૂજન ભણાવનારને કેટલા રૂપિયા ? સંગીતકારને કેટલી રકમ ? વક્તાને કેટલા પૈસા ?... આપણા બાળકોને ગણધર ભગવંતોના સૂત્રોનું દાન કરનાર વિદ્યાગુરુઓની આટલી જ કિંમત ? શરમ કેમ નથી આવતી આ બાબતમાં શ્રીસંઘના વહીવટકર્તાઓને ? શું પૈસા નથી ? તો બીજા લાખોના ખર્ચાઓ કેવી રીતે થઈ રહ્યા છે ? ચોમાસા દરમ્યાન કરોડોના ખર્ચ કરી શકનારો સંઘ પાઠશાળાના શિક્ષકને દસ હજારનો પગાર ન આપી શકે શું ?

જવા દો સંઘની વાત...

પાઠશાળામાં ભણતા એ બાળકોને પોતાના વિદ્યાગુરુનો ઉપકાર ક્યારેય પણ યાદ આવ્યો છે ખરો ? માની લો કે બાળકો નાના છે, પણ એમના મા-બાપ પણ નાના છે શું ?

મા-બાપ બાળક માટે સ્કુલની ફી મહીને બે-ચાર હજાર ચૂકવે છે.

મા-બાપ બાળક માટે ટ્યુશન ફી મહીને હજારેક ચૂકવે છે.

મા-બાપ સંગીત, સ્કેટીંગ, ડાન્સ આદિ માટે મહીને પાંચસો-હજાર ચૂકવે છે.

પણ, આ મા-બાપને પોતાના સંતાનોના જીવનનું ઘડતર કરનાર, મા-બાપને ભગવાન માનવાનું શીખવાડનાર અને એટલે જ મા-બાપને ભવિષ્યની સુખશાંતિ આપવાનું કામ કરનાર શિક્ષકો માટે એવી ઈચ્છા કેમ નથી થતી ? કે 'મારા બાળકને શિક્ષક જ્ઞાનદાન કરે છે, કમસેકમ દિવસના ૧૦ રૂા. લેખે મહીનાના ૩૦૦ રૂા. તો આપું...'

જો પાઠશાળામાં ૫૦ જ બાળકો આવતા હોય, અને દરેક બાળકદીઠ ૩૦૦ રૂા. એમના મા-બાપ શિક્ષકને મહીને ભેટ આપતા હોય, તો શિક્ષકને સંઘના પગાર વિના જ ૧૫૦૦૦ રૂા. મળી રહે ને ?

પણ આવી ભાવના કેટલા મા-બાપોની છે ?

ધન્યવાદ છે સુલસાબહેનને કે જ્યારે નાની ઉંમરમાં બધાને પ્રભાવનાની લાલચ હોય, ત્યારે એમણે દરેક પ્રભાવના (Prize) પોતાના ઉપકારીઓને આપી, લાલચ એમને જાગી જ નહિ.

એ ઉપકારીઓ પણ કંઈ Prize લઈ લે એવા થોડા હતા ? કચકચાવીને ના પણ પાડતા, ઝઘડો પણ કરતા. પણ બુદ્ધિમાન સુલસાબહેન પાસે જાત-જાતના બહાનાઓ હતા, 'તમે નહિ લેશો, તો હું આંબિલ/ઉપવાસ કરીશ...' એવી ધમકીઓ હતી, ઉદાસ થઈ જઈને કે રડી પડીને ઉપકારીને પીગાળી દેવાની કળા હતી.

(૪) એક ચાતુર્માસ દરમ્યાન એમણે ૧૨૦ દિવસ આંબિલ જ કર્યા, (એ વખતે લગ્ન થયા ન હતા.)

(૫) લગ્ન પહેલા નાની ઉંમરમાં સિદ્ધિતપ કર્યો, આશ્ચર્ય તો એ કે રોજેરોજ પાઠશાળા ભણવા જતા, કોઈને ખબર પણ નહિ કે આ સુલસાને સિદ્ધિતપ ચાલુ છે... એમણે શિક્ષિકા ઉર્વશીબહેનને કહી રાખેલું કે 'કોઈને પણ જણાવશો નહિ...'

એકવાર પર્યુષણમાં ઉર્વશીબહેને પ્રતિક્રમણમાં એમને સાતલાખનો આદેશ આપ્યો, ત્યારે બધાને લાગ્યું કે 'આ તો પક્ષપાત કરે છે...' ઉર્વશીબહેનને લોકોની ભાવનાનો ખ્યાલ આવતા જ એમણે ખુલાસો કર્યો કે 'તમને બધાને ખબર છે ? કે મેં શા માટે આને સાતલાખનો આદેશ આપ્યો છે. કારણકે એને સિદ્ધિતપ ચાલે છે. આવા મહાનતપની આરાધના ચાલતી હોય, ત્યારે એની સાતલાખ બોલવાની ભાવના હું પૂરી કરું કે નહિ ? તમે જ કહો...' ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે આ તો ઘોર તપસ્વિની છે, અને છતાં રોજેરોજ પાઠશાળા આવે છે, ખબર પણ ન પડે કે આને સિદ્ધિતપ છે...

(૬) કર્મની વિચિત્રતાઓ જાતજાતની હોય છે. મહાપુરુષો અને મહાસતીઓ ઉપર કેવા કષ્ટો આવ્યા છે, એ તો આપણે સૌ જાણીએ છીએ. આવા વખતે પણ જેઓ સમ્યક્ભાવે સહન કરે, એ જ મહાન ! માટે જ એવા મહાપુરુષોના અને મહાસતીઓના નામ સવારે યાદ કરીએ છીએ.

કદીપણ સુલસાબહેને પોતાના મુખે કોઈની પણ ફરિયાદ કરી નથી, કોઈના માટે ઘસાતું બોલ્યું નથી... 'મારા કર્મો...' એ સિદ્ધાન્તને પકડીને જીવ્યા છે.

કદાચ આ નં.૬ વાંચનારાને એની કિંમત નહિ સમજાય. પણ જેઓ એમના ભૂતકાળને જાણશે, તેઓ તો ચોક્કસ આ વાતને અંતરથી સમજી શકશે.

નવાઈની વાત તો એ છે કે મને આ આખો પ્રસંગ કહેનારા ગુણરાગી વિ.ને પણ એમને પડેલી મુશ્કેલીઓનું જ્ઞાન નથી. ગુણરાગી વિ. એમના ગુરુ છે. પણ સુલસાબહેન પોતાના દુઃખો ગુરુને કહે તો ને ?

(૭) **<u>સુલસાબહેનના શબ્દો :</u>** ૨૪ થી ૨૬ વર્ષ દરમ્યાન મેં સખત અભ્યાસ

કર્યો. પણ મમ્મીને મારો અભ્યાસ ન ગમે. એટલે હું રાત્રે લાઈટ બંધ રાખી, મોબાઈલ ચાલુ કરી એના પ્રકાશમાં ગાથાઓ ગોખતી, વાંચન કરતી... સ્વાધ્યાય માટેની એવી લગન મને લાગી ગઈ હતી.

(૮) **<u>સુલસાબહેનના શબ્દો :</u>** મને સીમંધર ભગવાન અત્યંત પ્રિય છે. મને ખબર છે કે બધા ભગવાન સરખા જ છે, પરંતુ છતાં ય...

અને મારા ભક્તિરાગના કારણે મને વારંવાર એવું Feel થયું છે કે 'હું એમની સાથે વાતો કરું છું, એ મને મારા પ્રશ્નોના જવાબ આપે છે...'

મેં જ્યારે નવ્વાણું કરેલી, ત્યારે હું સાંજે જે આઈટમનો વિચાર કરું, બીજા દિવસે રસોડામાં એ જ આઈટમ હોય... આવું એકાદ દિવસ નહિ, પરંતુ સતત ચાલ્યું. પછી તો મેં વિચારવાનું જ છોડી દીધું. મારી Friends તો મને કહે કે 'સુલસા ! અમારે આવતીકાલે આ આઈટમ ખાવી છે. તો તું આજે એનો વિચાર કરી લે ને.'

માણસનું પુણ્ય કેવું હોય છે ને ? પણ એ પુણ્ય લાવી આપનાર છે, પ્રભુ પ્રત્યેની અગાધ-અદ્ભુત શ્રદ્ધા !

(૯) સુલસાબહેનનો સાંસારિક અભ્યાસ કેટલો છે ? એ પણ જાણી લઈએ કે જેથી કોઈને એવું ન લાગે કે 'એમણે આ સંસાર જોયો જ નથી, માટે જ ધરમ ધરમ અને સુગુરુ સુગુરુ કરે છે... એમણે આ વર્તમાન સંસારની, બહારની દુનિયા જોઈ હોત ને, તો બધું જ ભૂલી જાત...'

**College Completed in**

**[M.O.P. Vaishnav College]**

Degree : B.Sc. (Computer Science)

University Rank Holder in 3 Subjects

(1) Database Management System

(2) Operating System

(3) Computer Application + Web Designing Course

આખા રાજ્યમાં ત્રણ-ત્રણ વિષયોમાં પ્રથમ નંબર લાવનાર અને એ પણ દક્ષિણભારતના અત્યંત સુશિક્ષિત રાજ્યમાં આ નંબર લાવનાર સુલસાબહેનની બુદ્ધિ શક્તિ કેટલી બધી હશે ? એનો અંદાજ આવી જ જાય છે ને ?

એટલે કોઈ એમને ગામડાના, અશિક્ષિત, ગરીબ ન સમજતા. એ શહેરી,

શિક્ષિત અને સુખી છે... છતાં ધર્મક્ષેત્રે એમણે સાધેલો આ ગુણવિકાસ, આ આત્મવિકાસ એ ઈતિહાસ જ કહી શકાય.

(૧૦) એકવાર પાઠશાળામાં ટ્રસ્ટ તરફથી એમને મોટી Gift મળેલી, એ કવર ખોલ્યા વિના, અંદરની રકમ જોયા વિના સુલસાબહેને જાહેરમાં કહી દીધું કે "પાઠશાળાનો મારા ઉપર મોટો ઉપકાર છે, એ મને જ્ઞાન પણ આપે અને સાથે બહુમાન પણ આપે છે. પણ મારે ઉલટું જ્ઞાનની સામે બહુમાન પાઠશાળાને આપવું જોઈએ. એટલે આ પ્રભાવના-બહુમાન હું પાઠશાળાને જ સુપરત કરું છું, તેઓશ્રીને જ્યાં ઉચિત લાગે, ત્યાં એનો ઉપયોગ કરી શકે છે.

(૧૧) સુલસાબહેનના આ ઘડતરમાં મા-બાપનો ફાળો ઓછો નથી, બાળપણથી જ મા-બાપે રાત્રિભોજનત્યાગ + પાઠશાળા + પ્રભુપૂજા + નવકારશી વગેરે વગેરે પાયાના ગુણો એમનામાં ઠાંસીઠાંસીને ભરી દીધેલા. એ બીજ જ આ વટવૃક્ષ બન્યું છે.

(૧૨) સુલસાબહેન અગત્યના કામસર વંદન કરવા આવ્યા, પણ ગુણરાગી વિ. પાસે બીજા કોઈકને વાતો કરતા જોયા, એટલે એકદમ દૂરથી જ વંદન કર્યા અને ત્યાં જ ઉભા રહ્યા... મુનિવરે જ્યારે કહ્યું કે 'અવાશે...' ત્યારે જ આગળ આવ્યા, પરંતુ મુનિની વાત જ્યાં સુધી બીજા સાથે ચાલતી રહી, ત્યાં સુધી એ પોતાની નોટ વાંચતા રહ્યા.

મુનિએ જ્યારે છેલ્લે આ અંગે કારણ પૂછ્યું કે 'એકદમ દૂરથી વંદન અને ત્યાં જ ઉભા રહેવું... એવું કેમ ?' ત્યારે સુલસાબહેને જવાબ આપ્યો કે 'ગુરુદેવ ! કોઈકની વાત એમની રજા લીધા વિના સાંભળવી એ પણ એક પ્રકારની ચોરી જ છે ને ? હું નજીક આવું અને મને વાત સાંભળવા મળે, તો એ ચોરી જ થઈ ને ? વળી બીજાને મારી હાજરીના કારણે વાત કરવામાં સંકોચ પણ થઈ શકે છે, મને શું ખબર હોય કે એ શું વાત કરે છે ?

એટલે જ જ્યારે પણ કોઈપણ બે-ચાર જણ વાતો કરતા હોય, ત્યારે હું કદી પણ પાસે નથી જતી.

આપે કહ્યું એટલે નજીક આવવાનું થયું, પણ ગુરુદેવ ! એકપણ શબ્દ મેં સાંભળ્યો જ નથી. હું એ વખતે મનને ગીતોમાં, વાંચનમાં, ચિંતનમાં એકદમ સહજ રીતે લીન કરી શકું છું. મારી નજીકમાં બેસીને પણ કોઈ વાતો કરે ને, તો પણ એનો એકપણ અક્ષર ન સાંભળવાની મારી પાસે પ્રભુએ આપેલી શક્તિ છે. મને એવું કુતૂહલ બિલકુલ નથી થતું કે 'હું આ બધી વાતો સાંભળું...'

હમણાં જ આપ કોઈકને ઉપદેશ આપતા હતા, તો એ બધું જ મેં સાંભળ્યું, પણ વચ્ચે વચ્ચે સામેની વ્યક્તિ જે કંઈપણ બોલતી, એ બધું જ મેં લેશપણ નથી

સાંભળ્યું.'

એકવાર ગેલેરીમાં કપડા સુકવતી હતી, ત્યાં ઉપરથી ઝઘડાનો અવાજ આવ્યો, હું તરત બહાર આવી ગઈ, શ્રાવકે પુછ્યું પણ ખરું, તો મેં કહી દીધું 'બીજાના ઝઘડાઓ સાંભળવા એ ચોરી છે ને !'

સુલસાબહેને કરેલો ટુંકાણમાં ખુલાસો મેં ઉપર તો વિસ્તાર સાથે લખ્યો છે. પણ આ તો આપણા જેવા સંયમીઓએ પણ વિચારવા જેવી બાબત છે ને ?

આપણું મન કેવું ?

● કોઈ બે જણ વાતો કરતા હોય, તો એમની વાતો જાણવાની ઈચ્છા થાય છે ને ?

● ક્યારેક બે જણની વાતોને ચોરીથી સાંભળી લઈએ છીએ ને ?

● કોઈકનો પત્ર પણ એને પુછ્યા વિના વાંચી જવાની ઈચ્છા અને પ્રવૃત્તિ થઈ છે ને ?

● આપણી બાજુમાં જ વાતો થતી હોય, એ તો સાંભળી જ છે ને ? આપણા કામની વાત ન હોવા છતાં પણ સાંભળી છે ને ?

એક શ્રાવિકાના આ નાનકડા (!) ગુણને આપણે સંયમીઓ મેળવી શકશું ખરા ?

(૧૩) સુલસાબહેનના સગાભાઈ તારકની એક નાનકડી વાત...

એનામાં ધર્મક્રિયાઓ કદાચ ઓછી હશે, પણ એના કેટલાક નિયમો આંખે ઉડીને વળગે એવા છે. એ સાંજે ઘરે આવ્યા બાદ, મમ્મી-પપ્પાના પગ દબાવશે જ. એમના પગે લાગશે જ, એ પછી જ પોતાના રૂમમાં ઉંઘવા માટે જશે.

ક્યારેક વેપારાદિ માટે બહારગામ જવું પડે, તો પોતાના નાના ભાઈ દિવ્યને કહીને જ જશે કે 'હું ત્રણેક દિવસ નથી, તો એ દિવસોમાં મમ્મી-પપ્પાની સેવા મારા વતી તું કરી લેજે.' અને ખરેખર બહારગામથી પણ એના ફોન આવે, તપાસ કરે, દિવ્યે સેવા કરી લીધી હોય, પછી જ તારકને શાંતિ થાય.

૩૬૦ દિવસમાં આ રીતે એક પણ દિવસ મા-બાપની સેવા વિનાનો એ નહિ જ જવા દે.

ગુણરાગી વિ.ને એ તારક લગભગ બે વાર મળ્યો. પહેલી વાર એણે સપ્તાહમાં ત્રણ દિવસ સાબુ વિના સ્નાન કરવાની પ્રતિજ્ઞા લીધી.

અને બીજી વારમાં એણે બે માળ સુધી લિફ્ટ નહિ વાપરવાની પ્રતિજ્ઞા લીધી. આમ તો એક માળ સુધીની જ પ્રતિજ્ઞા હતી, પણ તારકના ઘરે પહેલા માળે લિફ્ટ જ ન હતી. એટલે કાં તો નીચેથી જ લિફ્ટમાં જવું પડે, કાં તો બીજા માળ સુધી ચડીને જવું પડે.

પણ એણે મજબુતાઈ સાથે પ્રતિજ્ઞા પાળી.

દુકાનનો ઘણો બધો સામાન ઉંચકીને ઘરે જવાનું હતું, તો પણ બે માળ ઉંચકીને જ ઉપર લઈ ગયો, પણ લિફ્ટનો ઉપયોગ ન કર્યો.

એ તારકનું જીવન એવું છે કે એની પણ એક આત્મકથા લખી શકાશે... પણ એ માટે આપણે રાહ જોવી પડશે.

(૧૪) એ દિવસોમાં સુલસાબહેન કાંદા ખાતા હતા, એકવાર સાંજે કાંદા ખાઈને પાઠશાળા ગયા. ગાથા આપી, ત્યારે ઉર્વશીબહેને પુછ્યું 'સુલસા ! તું કાંદા ખાય છે ?'

સુલસાબહેન ચોંક્યા, (ત્યારે તો ઉંમર નાની હતી...) શિક્ષિકાબહેનને શી રીતે ખબર પડી ?

ઉર્વશીબહેને ખુલાસો કર્યો 'સુલસા ! ગંધ ઉપરથી મેં અનુમાન કર્યું. શક્ય હોય તો સાંજના સમયે કાંદા ન ખાઈશ. જેથી પાઠશાળામાં ગંધ ન આવે.'

સુલસાબહેન ઘરે ગયા. વિચારમાં પડ્યા 'મારા ગુરુજી કેવા મહાન છે ! એમણે મને કડવા શબ્દો ન કહ્યા, મોઢું ન બગાડ્યું, કાંદા બંધ કરવાની આજ્ઞા ન કરી, માત્ર પાઠશાળાની પવિત્રતાની રક્ષા માટે સુંદર મઝાની હિતશિક્ષા આપી. મારા નિમિત્તે ગુરુજીને તકલીફ પડે, એ તો કમ ચાલે ?'

અને એ જ દિવસથી સુલસાબહેને કાંદા છોડ્યા.

(બાળપણથી જ પરિવાર તરફથી ધાર્મિક્તા તો મળેલી જ, પરંતુ કેટલીકવાર જીભની મજબુરીથી જીવ ખાવાની વસ્તુઓનો ત્યાગ જલ્દી નથી કરી શકતો. સુલસા બહેનમાં પણ કાંદાની બાબતમાં આવું જ બન્યું અને છેવટે એનો ત્યાગ પણ થયો.)

– x – x –

ગુણરાગી વિ. પાસેથી જ્યારે મને આ આખો પ્રસંગ જાણવા મળ્યો, ત્યારે ખુશી તો થઈ જ, સાથે સાથે હજારો લોકો સુધી આ સુગંધ ફેલાવવાનું મન પણ થયું, એટલે વિરતિદૂતના માધ્યમે આ નમ્ર પ્રયાસ કર્યો છે.

કદાચ આમાંની કોઈક વાતો કોઈકને ન ગમે,

કદાચ આમાંની કોઈક વાતો કોઈકને ગપ્પા-કલ્પના લાગે,

કદાચ આમાંની કોઈક વાતો કોઈકને અહંકારનું પ્રદર્શન લાગે.

કદાચ આમાંની કોઈક વાતો કોઈકને સ્વપ્રશંસા-પરનિંદા રૂપ લાગે...

પણ આત્મસાક્ષીએ જણાવું છું કે આ ચારમાંથી એકેય વાત સાચી નથી. હા !

કોઈકને ન ગમવું એ તો એની રુચિની વાત છે. એટલે એ વાત તો સાચી હોઈ શકે, પણ બાકીની ત્રણ વાત તો સાચી નથી જ.

જો આ શ્રાવિકાનો પરિચય કરવાનું કોઈકને મન થાય, તો જણાવેલા સરનામે પત્ર લખશો, એમને ઉચિત લાગશે, તો ચોક્કસ તમને એ બહેનનો સાચો પરિચય આપશે.

**પ્રતિક આર. શાહ,**
**ફ્લેટ નં. ૬, સેરીડોન હાઉસ, ઓગસ્ટ કાંતિ મેદાનની સામે,**
**ગોવાલિયા ટેંક, મુંબઈ.**

એકલા ભાઈઓને આ પરિચય નહિ જ આપવામાં આવે, એકલા બહેનોને અથવા તો બહેન સાથેના ભાઈઓને પરિચય આપવામાં આવશે. એ પણ તે તે વખતે એ સુલસાબહેનની સંમતિ લઈને... એ થાકે, કંટાળે, પરેશાન થાય એવું તો ઉચિત નથી જ ને ?

સહુ કોઈ આવા સુલસાબહેન જેવા ગુણવાન બને એ જ પ્રભુને અંતરથી પ્રાર્થના.

– x – x –

**નોંધ :** અભિગ્રહોની અપેક્ષાએ એમને **ચંદનબાળા** નામ આપેલ છે. સમ્યક્ત્વની દઢતાની અપેક્ષાએ એમને **સુલસા** નામ આપેલ છે. બાકી, એમનું સાચું નામ આર્યસંસ્કૃતિ પ્રમાણેનું નથી.